રજીસ્ટ્રેશન નંબર: GUJGUJ/2014/59295
RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 344 * Date: 11.10.2022, Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી મુલાયમ સિંહ યાદવનું નિધન

લખનૌ,તા.૧૦

ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને સમાજવાદી પાર્ટીના સંરક્ષક મુલાયમ સિંહ યાદવનું નિધન થયું છે. તેમણે ૮૨ વર્ષની ઉંમરે ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં આજે સવારે ૮.૧૮ વાગે છેલ્લા શ્વાસ લીધા. મુલાયમ સિંહ યાદવને ૨૨ ઓગસ્ટે શ્વાસ લેવામાં તકલીફ અને લો બ્લડ પ્રેશરની ફરિયાદ બાદ મેદાંતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જો કે તેમની તબિયતમાં કોઈ સુધારો થતો ન હતો અને ૧ ઓક્ટોબરના રોજ રાતે આઈસીયુમાં શિફ્ટ કરાયા હતા. જ્યાં ડોક્ટરોની એક પેનલ તેમની સારવાર કરી રહી હતી.

આ અગાઉ મુલાયમ સિંહ યાદવના પત્ની સાધના ગુપ્તાનું આ વર્ષ જુલાઈમાં નિધન થયું હતું. ફેફસામાં સંક્રમણના પગલે તેમને ગુરુગ્રામની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જ્યાં સારવાર દરમિયાન તેમનું નિધન થયું હતું. સાધના મુલાયમ સિંહ યાદવના બીજા પત્ની હતા. તેમના પહેલા પત્ની માલતી દેવીનું વર્ષ ૨૦૦૩માં નિધન થયું હતું. માલતી દેવી અખિલેશ યાદવના માતા હતા. તેમના નિધનના સમાચાર ફેલાતા જ સમાજવાદી પાર્ટીના કાર્યકરોમાં શોકનું મોજુ ફરી વળ્યુ હતું.રાષ્ટ્રપતિ,ઉપરાષ્ટ્રપતિ વડાપ્રધાન સહિત અનેક રાજકીય નેતાઓએ તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો છે.પ્રધાનમંત્રી મોદીએ મુલાયમસિંહ યાદવ સાથે પોતાની યાદોને સાંકળીને તેમની સાથેની તસવીરો ટ્વીટ કરીને તેમને શ્રદ્ધાંજલિ પાઠવી છે. પીએમ મોદીએ ટવીટ કરીને જણાવ્યું છેકે, મુલાયમસિંહ યાદવજીના નિધનથી માત્ર ઉત્તર પ્રદેશ જ નહીં પણ સમગ્ર દેશની રાજનીતિને એક મોટી ખોટ પડી છે.કટોકટો દરમિયાન મુલાયમસિંહજી એ લોકશાહીના મહત્ત્વના સિપાહી તરીકે ભૂમિકા ભજવી હતી. સરંક્ષણ મંત્રી તરીકે તેમણે ખુબ મહત્ત્વના નિર્ણયો લીધાં અને દેશને વધુ મજબૂત બનાવ્યો. સાંસદ તરીકે તેમનું જીવન એક સામાજીક રાજનેતાનું રહ્યું. હંમેશા તેઓ લોકોના પ્રશ્નોને વાંચા આપતા રહ્યાં. જાહેરજીવન સાથે સંકળાયેલાં લોકો માટે તેમનું જીવન એક પ્રેરણા સ્ત્રોત સમાન છે.યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મુલાયમસિંહના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો અને રાજયમાં ત્રણ દિવસ રાજકીય શોકની જાહેરાત કરી હતી મુલાયમસિંહના અંતિમ સંસ્કાર આવતીકાલે કરવામાં આવશે



મુલાયમ સિંહ યાદવનો જન્મ ૨૨ નવેમ્બર ૧૯૩૯ના રોજ થયો હતો. પાંચ ભાઈઓમાં મુલાયમ સિંહ યાદવ ત્રીજા નંબરે હતા. મુલાયમ સિંહે કુશ્તીથી પોતાની કરિયર શરૂ કરી હતી. તેઓ વ્યવસાયે અધ્યાપક હતા. પિતા તેમને પહેલવાન બનાવવા માંગતા હતા. ત્યારબાદ તેમણે પોતાના રાજકીય ગુરુ નત્થુ સિંહને પ્રભાવિત કર્યા બાદ મુલાયમ સિંહ યાદવે જસવંતનગર વિધાનસભા સીટથી ચૂંટણીના અખાડામાં પગ મૂક્યો. તેઓ ૧૯૮૨-૧૯૮૫ સુધી વિધાન પરિષદના સભ્ય રહ્યા.

લોહિયા આંદોલનમાં આગળ રહીને ભાગ લેનારા મુલાયમ સિંહ યાદવે ચાર ઓક્ટોબર ૧૯૯૨માં સમાજવાદી પાર્ટીની સ્થાપના કરી. મુલાયમ સિંહ યાદવને રાજનીતિના અખાડાના પહેલવાન કહેવામાં આવતા હતા. તેઓ હરીફોને ચિત્ત કરવામાં ઉસ્તાદ હતા. દેશના સૌથી મોટા રાજય ઉત્તર પ્રદેશના રાજકારણમાં તેમણે જે ઊંચાઈ હાંસલ કરી છે તે કોઈ પણ નેતા માટે સપનું હોય છે. તેમણે ત્રણવાર રાજયની કમાન સંભાળી. તેઓ દેશના રક્ષામંત્રી પણ બન્યા હતા. યુપી વિધાનસભાના આઠવાર સભ્ય રહી ચૂક્યા છે. વર્ષ ૧૯૬૭માં મુલાયમ સિંહ પહેલીવાર ધારાસભ્ય બન્યા. ત્યારબાદ ૫ ડિસેમ્બર ૧૯૮૯ના રોજ પહેલીવાર પ્રદેશના મુખ્યમંત્રી બન્યા. મુલાયમે પોતાના રાજકીય અભિયાનની શરૂઆત જસવંતનગર વિધાનસભા બેઠકથી કરી હતી. તેઓ સોશ્યલિસ્ટ પાર્ટી, પ્રજા સોશ્યલિસ્ટ પાર્ટીથી આગળ વધ્યા. ૧૯૬૭, ૧૯૭૪, ૧૯૭૭સ ૧૯૮૫, ૧૯૮૯ માં તેઓ વિધાનસભાના સભ્ય રહ્યા. મુલાયમ સિંહ ૧૯૮૯, ૧૯૯૩, અને ૨૦૦૩માં યુપીના સીએમ રહ્યા. તેઓ લોકસભાના પણ સભ્ય રહ્યા. ૧૯૯૬ની ચૂંટણીમાં જીતીને તેઓ પહેલીવાર સંસદ પહોંચ્યા. ત્યારબાદ ૧૯૯૮માં તેઓ જીત્યા. ૨૦૦૪માં તેઓ મૈનપુરીથી લોકસભા ચૂંટણી જીત્યા. ૨૦૧૪માં તેઓ આઝમગઢ સંસદીય બેઠક અને મૈનપુરથી ચૂંટણી લડ્યા અને બંને જગ્યાએથી જીત્યા. સપાના આ દિગ્ગજ નેતાની જીતનો સિલસિલો ૨૦૧૯ની ચૂંટણીમાં પણ ચાલુ રહ્યો અને મૈનપુરીથી જીતીને એકવાર ફરીથી સંસદ પહોચ્યા.

મોદી-અમિત શાહનો જ્યારે જન્મ પણ થયો નહોતો, ત્યારે દેશ આઝાદ થઇ ગયો હતો: ખડગે

અમિત શાહ જ્યાં પણ જાય છે, દેશને તોડવાની વાત કરે છે. : ખડગે

નવીદિલ્હી,તા.૧૦

કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ પદના ઉમેદવાર મલ્લિકાર્જુન ખડગેએ ગૃહમંત્રી અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાનો સાધ્યો છે, તેમણે ગૃહ મંત્રીના નિવેદન પર પલટવાર કરતા પ્રશ્ન કર્યો છે કે, શું મોદી અને શાહે દેશને આઝાદી અપાવી છે? તેમણે કહ્યું કે, આ બંનેનો જ્યારે જન્મ પણ થયો ન હતો, ત્યારે દેશ આઝાદ થઈ ગયો હતો. આઝાદી કોંગ્રેસની દેન છે.ખડગેએ આગળ કહ્યું કે, 'અમિત શાહ જ્યાં પણ જાય છે, દેશને તોડવાની વાત કરે છે. દેશ માટે જવાહર લાલ નેહરૂ, ઈન્દિરા, રાજીવ ગાંધીએ કુરબાની આપી, તમારી શું કુરબાની છે? આટલા વર્ષોમાં કંઈ પણ નથી થયું, તો એઆઈઆઈએમએસ,આટલા ડોકટર, એન્જિનિયર બનતા?' તેમણે કાશ્મીરમાં ૭૦ વર્ષોમાં વિકાસ નથી થયો આ પ્રશ્નનું જવાબ આપતા વાત કહી હતી.

અમિત શાહે પોતાના કાશ્મીરના પ્રવાસ દરમિયાન કહ્યું કે, 'કાશ્મીરનો ૭૦ વર્ષોમાં વિકાસ નથી થયો.' આના પર જ પલટવાર કરતા ખડગેએ આ નિવેદન આપ્યું છે. કોંગ્રેસ અધ્યક્ષના ચૂંટણી માટે ઉમેદવાર મલ્લિકાર્જુન ખડગે જમ્મુ-કાશ્મીરના પ્રવાસે છે. તેમણે પહેલા શ્રીનગરમાં અને બપોરે જમ્મુમાં કોંગ્રેસ નેતાઓ સાથે મુલાકાત કરી. તેમણે શ્રીનગર અને જમ્મુના જુદા-જુદા કાર્યક્રમોમાં ભાગ લીધો.

હૈદરાબાદમાં ખડગેએ ભાજપ શાસિત કેન્દ્ર સરકાર પર કટાક્ષ કર્યો અને ભગવા પાર્ટીને સાર્વજનિક ક્ષેત્રના ઉપક્રમોમાં રોકાણ, વધતી બેરોજગારી, રૂપિયાનાં મૂલ્યમાં ઘટાડો અને જરૂરી વસ્તુઓની કિંમતોમાં વૃદ્ધિ માટે જવાબદાર ગણાવ્યુ. આપણે આ તમામ મુદ્દાઓના વિરુદ્ધ લડવાનું રહેશે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ કહ્યું કે, 'હું લડાઈ ચાલુ રાખવા માટે કોંગ્રેસ અધ્યક્ષની ચૂંટણી લડી રહ્યો છું.'

તેમણે કોંગ્રેસ અધ્યક્ષની ચૂંટણીની પ્રક્રિયા પર પ્રશ્ન ઉઠાવવા માટે બીજેપીની ટીકા કરી. તેમણે કહ્યું કે, 'લાલકૃષ્ણ આડવાણી, નિતિન ગડકરી, રાજનાથ સિંહ, અમિત શાહ અને જેપી નડ્ડાની નિમણૂક કરવા માટે કોઈ ચૂંટણીની જરૂર નથી.' ખડગેએ કહ્યું કે, ભાજપને બીજાને પ્રશ્ન પૂછવાનો કોઈ અધિકાર નથી.કોંગ્રેસમાં અધ્યક્ષ પદ માટે મલ્લિકાર્જુન ખડગે અને તિરૂવનંતપુરમથી સાંસદ શશી થરૂરે નોમિનેશન કર્યું હતું. મલ્લિકાર્જુન ખડગેની ઉમેદવારીનો પ્રસ્તાવ પાર્ટી નેતા અશોક ગેહલોત, દિગ્વિજય સિંહ, પ્રમોદ તિવારી, પીએલ પુનિયા, એ.કે.એન્ટની, પવન કુમાર બંસલ અને મુકુલ વાસનિકે કર્યો હતો.

જય શાહ પૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલીની જગ્યા લઈને બીસીસીઆઇ અધ્યક્ષ બની શકે છે

આ વખતે સૌરવ ગાંગુલીને બીસીસીઆઈમાં કોઈ પદ નહીં મળે કારણ કે બીજેપી નેતૃત્વ તેમનાથી નારાજ છે

નવીદિલ્લી,તા.૧૦

સૌરવ ગાંગુલીની બીસીસીઆઈમાંથી બાદ બાકી બાદ હવે કોને સોંપાશે ભારતીય ક્રિકેટની કમાન? આ એક મોટો સવાલ એટલાં માટે છે કારણકે, ઈન્ડિયન ક્રિકેટનું બોર્ડ એ દુનિયામાં સૌથી ધનાઢ્ય બોર્ડ ગણાય છે. તેને વહીવટ કોને સોંપવો એ ખુબ મહત્ત્વનું છે. એવા સમયે હાલના બીસીસીઆઈના સેક્રેટરી જય શાહનું નામ મોખરે માનવામાં આવે છે. ઉલ્લેખનીય છેકે, બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા (બીસીસીઆઇ)ના દિગ્ગજોની ગુરુવારે દિલ્હીમાં બે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બીબીસીઆઈના નવા અધ્યક્ષ અને બોર્ડની ચૂંટણી માટે રવિવારે પણ એક મહત્ત્વની બેઠક યોજાઈ હતી. જેમાં લગભગ નક્કી થઈ ગયું છે કે દેશના ગૃહમંત્રી અમિત શાહના

પુત્ર અને વર્તમાન સચિવ જય શાહ, પૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલીની જગ્યા લઈને બીસીસીઆઇ અધ્યક્ષ બની શકે છે.

બીસીસીઆઈના વર્તમાન ઉપાધ્યક્ષ અને કોંગ્રેસના રાજ્યસભા સભ્ય રાજીવ શુક્લા સચિવ બનવાની રેસમાં સૌથી આગળ છે. ગુરુવારે બીસીસીઆઇ પ્રમુખ સૌરવ ગાંગુલી, સચિવ જય શાહ, ઉપાધ્યક્ષ રાજીવ શુક્લા, પૂર્વ પ્રમુખ એન. શ્રીનિવાસન, આઈપીએલના ચેરમેન બ્રિજેશ પટેલ, પૂર્વ સચિવ નિરંજન શાહ, આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ બેઠકમાં હાજરી આપી હતી. આ પૈકી મોટાભાગના દિગ્ગજો રવિવારે યોજાયેલી બેઠકમાં પણ સામેલ થયા હતા. છેલ્લી મિટિંગમાં એક મોટા મંત્રીએ બધાના મંતવ્યો જાણ્યા હતા. રવિવારે દરેકને જણાવવામાં આવ્યું હતું કે કોણ કયા પદ માટે નોમિનેટ કરશે. જો કે, જ્યાં સુધી કોઈને પદ ન મળે ત્યાં સુધી બીસીસીઆઇની ચૂંટણીમાં કોઈપણ ફેરફાર શક્ય છે. આવું છેલ્લી ઘણી ચૂંટણીઓમાં જોવા મળ્યું છે.

સૂત્રોની વાત માનીએ તો આ વખતે સૌરવ ગાંગુલીને બીસીસીઆઇમાં કોઈ પદ નહીં મળે કારણ કે બીજેપી નેતૃત્વ તેમનાથી નારાજ છે. કર્ણાટકથી આવી રહેલા ૧૯૮૩ની વર્લ્ડ કપ ચેમ્પિયન ટીમના સભ્ય રોજર બિન્ની ઉપરાંત દિલ્હી અને ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અરુણ જેટલીના પુત્ર રોહન જેટલી, ઓડિશા ક્રિકેટ એસોસિએશનના સંજય બેહેરા, હરિયાણા ક્રિકેટના અનિરુદ્ધ ચૌધરી અને આસામ ક્રિકેટ એસોસિએશનના કોઈપણ વ્યક્તિને પદ આપવામાં આવી શકાય છે.

વર્તમાન જોઈન્ટ સેક્રેટરી જયેશ જ્યોર્જ અને આઈપીએલના ચેરમેન બ્રિજેશ પટેલ પણ આગામી ચૂંટણી નહીં લડે. એવા પણ સમાચાર છે કે કેન્દ્રીય ખેલ મંત્રી અનુરાગ ઠાકુરના ભાઈ અને વર્તમાન ખજાનચી અરુણ સિંહ ધૂમલ પણ ચૂંટણી ન લડવાનો નિર્ણય લઈ શકે છે. બીસીસીઆઇની ચૂંટણી ૧૮ ઓક્ટોબરે મુંબઈમાં યોજાશે. ૧૧ અને ૧૨ ઓક્ટોબરે નોમિનેશન લેવામાં આવશે. ૧૩ ઓક્ટોબરે અરજીઓની ચકાસણી કરવામાં આવશે. ઉમેદવાર ૧૪ સુધી પોતાનું નામ પાછું ખેંચી શકશે. આ પછી, યોગ્ય નામાંકન કરનારાઓની યાદી ૧૫ ઓક્ટોબરે જાહેર કરવામાં આવશે. પરિણામ ૧૮ ઓક્ટોબરે જાહેર કરવામાં આવશે. બધું સર્વસંમતિથી જ થશે. આનો અર્થ એ છે કે જે પણ નામાંકન કરશે તેની જીત નિશ્ચિત હશે.

આ વખતે ધારાસભ્યોના સામૂહિક અભિપ્રાય લેવાને બદલે વ્યક્તિગત વાત કરવામાં આવે : પાટલોટ જુથ

જયપુર,તા.૧૦

રાજસ્થાન કોંગ્રેસનો વિવાદ ફરી એકવાર ઘેરો બન્યો છે. પાયલોટ કેમ્પે ફરી એકવાર હાઈકમાન્ડ સમક્ષ પોતાનો દાવો રજૂ કર્યો છે. આ વખતે ધારાસભ્યોના સામૂહિક અભિપ્રાય લેવાને બદલે વ્યક્તિગત વાત કરવામાં આવે તેવી વિનંતી કરવામાં આવી છે. જો આમ થશે તો મોટાભાગના ધારાસભ્યો પક્ષમાં રહેશે. બીજી તરફ કોંગ્રેસના ત્રણેય નેતાઓએ થોડા સમય બાદ જ શિસ્ત સમિતિની નોટિસનો જવાબ આપ્યો છે. કહેવાય છે કે હવે તેઓ હાઈકમાન્ડની સાથે છે. તેમના જવાબમાં, ત્રણેય નેતાઓએ ઉમેર્યું છે કે રાજસ્થાનમાં કોઈને થોપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ કોઈને સ્વીકાર્ય ન હતું. આ સાથે આ સમગ્ર પ્રકરણમાં ગેહલોતની ભૂમિકાની વાતને ફગાવી દેવામાં આવી છે.

શિસ્ત સમિતિ દ્વારા ત્રણેય નેતાઓની પ્રતિક્રિયા મળી છે. હવે શિસ્ત સમિતિ આ અંગે વધુ નિર્ણય લેશે. દરમિયાન પાયલોટ કેમ્પે પોતાનો દાવો રજૂ કરતા હાઈકમાન્ડને ધારાસભ્યોના અંગત અભિપ્રાય લેવા અપીલ કરી છે. આ શિબિરનો દાવો છે કે અભિપ્રાય મેળવવા માટે જૂથમાં દબાણ બનાવવામાં આવ્યું હતું, આ ગેહલોત કેમ્પની રણનીતિ હતી. જેના કારણે હાઈકમાન્ડની પણ અવહેલના થઈ હતી. પાયલોટ કેમ્પ સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર ધારાસભ્યોના વ્યક્તિગત અભિપ્રાય લીધા બાદ અલગ જ ચિત્ર જોવા મળશે.

રાજસ્થાન કોંગ્રેસમાં બળવાના કિસ્સામાં દસ દિવસનો નોટિસ પિરિયડ અને ત્રણ દિવસની વધારાની છૂટછાટ છતાં ત્રણેય નેતાઓએ સુધી જવાબ આપ્યો ન હતો. આનાથી નારાજ શિસ્ત સમિતિએ ત્રણેય નેતાઓને ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપ્યું હતું. જો આ વખતે જવાબ નહીં મળે તો આગળની કાર્યવાહી શિસ્ત સમિતિની રહેશે તેમ જણાવાયું હતું. પરંતુ આ અલ્ટીમેટમ જારી થતાં જ ત્રણેય નેતાઓએ પોતાનો જવાબ શિસ્ત સમિતિને મોકલી આપ્યો હતો. કોંગ્રેસના વરિષ્ઠ નેતા દ્વારા ધારાસભ્ય દળની સમાંતર બેઠક યોજવા બદલ આ નોટિસ જારી કરવામાં આવી હતી.

ગયા મહિનાથી રાજસ્થાનના મુખ્યપ્રધાન અશોક ગેહલોત રાષ્ટ્રીય અધ્યક્ષ બનવાની ધૂમ મચાવી રહી હતી. અશોક ગેહલોત મુખ્યમંત્રી પદ છોડીને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ બનશે તે નક્કી હતું. તે તેના માટે સંમત પણ થઈ ગયા હતા, પરંતુ તે કોઈ પણ સંજોગોમાં સચિન પાયલટને પોતાનો ઉત્તરાધિકારી બનાવવા માંગતા ન હતા. જ્યારે પાયલોટ કેમ્પે હાઈકમાન્ડ સમક્ષ પોતાનો દાવો રજૂ કર્યો હતો.

૧૪ ટકા ભારતીયોનું માનસિક આરોગ્ય ખરાબ : આત્મહત્યાનું વધતુ જતું પ્રમાણ

નવીદિલ્હી,તા. ૧૦

દેશમાં સતત વધતી જતી આત્મહત્યામાં ઘટસ્ફોટ થયો છે કે ભારતીયો સતત ખરાબ માનસિકતા સાથે જીવન જીવી રહ્યા છે અને તેના કારણે તેઓમાંથી ૧૪ ટકા આત્મહત્યા ભણી જાય છે. ખાસ કરીને દેશમાં હાલમાં જ પ્રસિધ્ધ થયેલા આંકડા મુજબ દર એક લાખે ૨૧ ભારતીયો આત્મહત્યા કરે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના જણાવ્યા મુજબ સરેરાશ ૧૦,૦૦૦માંથી ૨,૪૪૩ લોકો તો સતત માનસિક સમસ્યાથી પીડાતા હોય છે અને કેટલાક તો તે જીવનભર આ પ્રકારની સમસ્યાનો સામનો કરે છે.પરંતુ જેઓ સમસ્યા સામે ઝઝૂમી શકતા નથી અંતે આત્મહત્યાનો માર્ગ લે છે. ઈન્ડીયન જર્નલ ઓફ સાઈકીયાટ્રીકના આંકડા મુજબ સરેરાશ ચાર લાખ લોકોની સામે ફક્ત ૩ જ માનસિક રોગોના નિષ્ણાંત છે અને ખરેખર તે સંખ્યા દર ચાર લાખે ૧૨ મનોચિકિત્સકની હોવી જોઇએ.

જેના કારણે ખરાબ માનસિકતા કે અન્ય સમસ્યાઓથી ઝઝૂમી રહેલા લોકોને યોગ્ય સમયે સારવાર મળતી નથી જેના કારણે ભારતને ૧.૩ લાખ કરોડ ડોલરનું નુકશાન થાય છે. જે કદી ભરપાઈ થતું નથી.છેલ્લા એક સમાહમાં માર્કેટ રિસર્ચ એજન્સી દ્વારા માનસિક સમસ્યાથી પીડાતા લોકો અંગે જે વૈશ્વિક સર્વે કર્યો તેમાં ૩૪ દેશોને સમાવી લેવાયા હતા જેમાં ૧૮ ટકા ભારતીયોને શારીરિક સ્વાસ્થ્યને વધુ મહત્વ આપ્યું અને માનસિક સ્વાસ્થ્ય એ કામચલાઉ બાબત હોવાનું જણાવ્યું હતું.આ રિપોર્ટમાં જણાયું કે, ૧૩૭૯૨ લોકોની આત્મહત્યા પાછળનું મુખ્ય કારણ માનસિક બિમારી હતું. જે દેશમાં મૃત્યુમાં ત્રીજુ સૌથી મોટુ કારણ બની રહ્યું છે. ૬૧૩૪ મામલામાં ૧૮થી ૪૫ વર્ષના લોકો તેમાં સામેલ હતા.

તંત્રી સ્થાનેથી...

પચ્ચીસ કરોડની લોટરી જીતનાર કેરળના રીક્ષા ડ્રાઇવર અનુપે બાપ જન્મારે કદાપિ લોટરીની ટિકિટ ન ખરીદવાનો નિર્ણય કર્યો !!!

આપણને સ્વપ્નો જોવાની ટેવ છે. અશક્ય સ્વપ્નને દિવાસ્વપ્ન કહેવામાં આવે છે. આવા સ્વપ્ન જેનારને શેખચલ્લી કે ભેજાગેપ કહેવાય. સ્વપ્ન જોઈને પ્રારબ્ધના આધારે હાથ પર હાથ ધરી બેસનારનું નસીબ બેસી રહે છે. તેના નસીબ આડેનું પાંદડું કે વૃક્ષ હટતું નથી.જે લોકો સ્વપ્નના ઈંડા સેવે છે તે સ્વપ્નનું બચ્ચું ઈંડાની કોચલામાંથી બહાર આવે છે. નસીબ કે નિયતિને પાધરું કરવા કર્મનો ધોકો વિંઝવો પડે છે.

નસીબના દરવાજા સિમ સિમ ખોલવા માટે કેટલા બધા વિકલ્પો છે. કોઈને ભોળવીને બુચ મારવું, કોઈને આંબલીપીંપળી બતાવી ચુનો ચોપડવો, સાઈબર ક્રાઈમ તરી વિદેશીને ખંખેરવા,ચોરી કરવી, ધાડ પાડવી, ખંડણી વસુલવી, સોપારી લેવી, જુગાર રમવો, કેસિનોમાં જવું, ઘોડાદોડમાં પૈસા લગાવવા,શકુનિની જેમ પાસા ફેંકવા વગેરે.

નસીબ અજમાવવાના સસ્તો અને સરળ કિમીયા પૈકી એક કિમીયો કારગર છે. લોટરીની ટિકિટ લેવી. પૈસાદાર થવાના અરમાનોને પંપાળવાનો ઉતમ રસ્તો છે.લોટરીનું પરિણામ ન આવે ત્યાં સુધી વ્યકિત ફીલ ગુડ અને ઈન્ડિયા શાઈનીંગ અનુભવે છે!!! પરિણામ આવે ત્યારે દેવીદેવતાને યાદ કરી ઈનામ લાગશે તો એક સો રૂપિયાનો થાળ ધરાવવાના મનોરથ કરે.પછી એ અભાગિયાનું ભડભાંખળા જેવું કિસ્મત ચમકે અને પૂરા પાંચ રૂપિયાનું જંગી-બમ્પર ઈનામ લાગે!!! ભગવાન પણ થાળની પઠાણી ઉઘરાણી કરે!! લે લેતો જા!!

લોટરીની ટિકિટ લેનારને લાંબું નુકસાન થતું નથી. શેરબજારની જેમ ઉથલપાથલ કે ઉઠકપટક થતી નથી.જેમાં રોકાણકારોની લાખો-કરોડો રૂપિયાની સંપતિનું ધોવાણ થતું નથી.લોટરીની ટિકિટની કિંમત જેટલા રૂપિયા બેકાર જાય છે. રાતે અગર બપોરે મેઘધનુષ જોતાં તરંગી માણસની જેમ કુબેર થવાના સપના (સપના પણ જીએસટી મુક્ત !!) જોવાનો કેફ ચડે છે.

મેં જેટલી વાર લોટરીની ટિકિટ લીધી છે, ટિકિટના છેલ્લા નંબરમાં મળતું ન્યુનતમ ઈનામ મને લાગે તેવી ભગવાનને ગુહાર લગાવી છે. બમ્પર ઈનામ ન મળે તો કાંઈ નહીં પણ નાનું ઈનામ મળે તો રૂપિયા પડી ગયા તેવી નેગેટીવ ફિલિંગ ન આવે અને કશુંક મળ્યાનો ચિદાનંદ રહે!!!

લોટરીનું બમ્પર ઈનામ જીતનાર વિજેતા અન્યો માટે ઈર્ષા, ક્રોધ, ગુસ્સા,હતાશાનું કારણ બને છે. સાલ્લો બાજી મારી ગયો અને આપણે હાથ (આપણે ત્યાં પૈસો હાથનો મેલ કહેવાય છે. આપણે હાથ ઘસીએ તો મેલના બદલે પાંચસો- બે હજાર રૂપિયાની કડકડતી નોટોની ગડી મળે એટલે હાથ ઘસીએ છીએ. પરંતુ, મેલનું પૈસામાં પરિવર્તન થતું નથી. કેમિકલ લોચા છે!!)ઘસતા રહી ગયા તેવી લાગણી થાય છે. આપણને એમ થાય કે હવે તે જલ્સા કરશે. સોનું , ચાંદી મકાન, કાર ખરીદશે, ઐશ કરશે. આમ, આપણું હૈયું બળે છે!!!

જો હુ તમને એમ કહું કે લોટરીનું બમ્પર ઈનામ ન મળ્યું તો કોઈ વાંધો નહીં. બમ્પર ઈનામ ન મળે તે જ ફાયદેમંદ છે. જો લોટરીનું બમ્પર ઈનામ મળ્યું હોત તો તમે દુખી દુખીના દાળિયા થઈ જાત. તમે મારી વાતને શું ગણશો? તમે મને ઢીલા સ્ક્રૂ ટાઈપ ગણશો???

નસીબ આડેથી પાંદડું હટી જાય ત્યારે માણસ રાતોરાત રોડપતિથી કરોડપતિ બની જાય છે. કેરળની રાજધાની તિરુવનંતપુરમના રિક્ષાવાળા અનૂપના કિસ્સામાં આ વાત સાચી પડી છે.શેફ તરીકે કાર્ય કરવા માટે મલેશિયા જવાની તૈયારી કરી રહ્યો હતો.શ્રીવરાહમના રહેવાસી અનૂપે ટિકીટ ટીજે-૭૫૦૫૦૬ ખરીદી હતી. રસપ્રદ વાત એ છે કે એક દિવસ પહેલા જ તેની ત્રણ લાખ રૂપિયાની લોન લેવાની અરજી મંજૂર થઈ હતી. અનૂપે જ એજન્સી પાસેથી લોટરી ખરીદી હતી ત્યાં હાજર મીડિયા કર્મીઓએ જણાવ્યું હતું કે પહેલાં જે ટિકિટ દેખાડવાનાં આવેલ તે તેને પસંદ પડી ન હતી તેથી તેણે બીજી ટિકિટ ટીજે-૭૫૦૫૦૬ ખરીદી હતી અને તેના પર વિજય મેળવ્યો હતો.

અનુપ છેલ્લા ૨૨ વર્ષથી લોટરીની ટિકિટ ખરીદી રહ્યો હતો. અત્યાર સુધી તેણે ૧૦૦ રૂપિયાથી લઈને ૫૦૦૦ રૂપિયાની ટીકિટ ખરીદી છે. તેને જીતવાની આશા ન હોવાથી ટીવી પર લોટરીના પરિણામ જોતો ન હતો.

જયારે અનુપે ફોન જોયો તો ખબર પડી કે દે લોટરી જીતી ગયો છે. તેને વિશ્વાસ ન થયો . પત્નીને લોટરીની ટિકિટ બતાવી. તેણે ટીકિટનો નંબર બરાબર ચેક કરીને જણાવ્યું કે આપણે લોટરી જીતી ગયા છીએ.છતાં અનૂપે લોટરી વિતરક મહિલાનો સંપર્ક કરી ખાતરી કરી હકી. ટેક્સની રકમ કાપવામાં આવ્યા પછી અનૂપના હાથમાં ૧૫ કરોડ રૂપિયા મળશે.આટલી રકમ રાજુ રદી પંદર ભવ સુધી કમાઈ શકશે નહીં .અનૂપને ઈનામની રકમમાંથી પરિવાર માટે ઘર બનાવશે પડશે લોન ચૂકવશે.કેટલાક સંબંધીઓને મદદ કરશે અને કેરળમાં જ હોટલ સેક્ટરમાં કામ કરવાની યોજના બનાવી રહ્યા છે. અનુપ જીત્યો જુગારી બમણું રમે એ ન્યાયે ફરીથી લોટરીની ટિકિટ ખરીદીશું.

જોગાનુજોગ ગયા વર્ષે પણ ૧૨ કરોડની ઓણમ બંપર લોટરી એક રિક્ષા ડ્રાઈવરે જીતી હતી અને હવે બીજી વાર આટલી મોટી રકમની લોટરી પણ રિક્ષાવાળાને ભાગે ગઈ છે.

હવે અનુપને હજુ લોટરીનું ઈનામ મળ્યું નથી. પણ મદદ માંગનારની લંગાર લાગી છે. કોઈને સમાજની વાડીમાં રૂમ માટે, મંદિરના રીનોવેશન માટે, કૂતરાંને રોટલા નાંખવા, કબુતરને ચણ નાંખવા, કોઈને પુત્રના લગ્ન માટે, કોઈને પુત્રીના લગ્ન માટે, કોઈને ધંધો કરવા, કોંઈને લોન ચુકવવા , કોઈને બાધાઆખડી-માનતા પૂરી કરવા,કોઈને કરિયાણુ લેવા, કોઈને ઉતર ક્રિયા કરાવવા માટે સહાય જોઈએ છે. સગાવ્હાલાને ઈનામની રકમમાંથી ભાગ જોઈએ છે. રાજકીય પક્ષોને ફંડફાળા જોઈએ છે, મવાલી ટપોરીઓને ખંડણી જોઈએ છે. છેક કરાંચીથી ભાઈ (ભાઈ એટલે દાઉદભાઈ!!) નો બે ખોખા(પૂંઠાના ખોંખાને ભાઈ શું બાફી ખાય ?? પાપ પૂંઠાના બોકસમાં પેક કરી શકાતા નથી!! ખોખા એટલે સમજી જાવને કરોડ રુપિયા!!) મોકલી આપવા નહીંતર ગેમ ફનિશ કરી નાંખવાની ધમકી આપે છે!! લોકની માંગણી કંટાળીને ઘર બદલાવી નાંખ્યું!છતાં કૃપણોની ફોજ પુનમના ચાંદની જેમ વધતી ચાલી. અનુપ સંબંધીના ઘરે રહેવા ગયો પણ તકલીફ પણ સાથે શિફ્ટ થઈ! અનુપ મિસ્ટર ઈન્ડિયાની જેમ માંગણીદારોંથી બચવા લપાતોછુપાતો રહે છે!!

અનુપને બમ્પર ઈનામ જીત્યાનો પારાવાર અફસોસ થાય છે. છેલ્લી લાઈન પર લાગતું બસે પાંચસેનું ઈનામ લાગ્યું હોત તો ઈથોપિયાના દુષ્કાળિયા જેવા યાચકોના ત્રાસથી બચી ગયો હોત!! તે કિસ્મતને કોસે છે. ભગવાને કૃપા વરસાવી કે અવકૃપા વરસાવી તે નક્કી કરતો નથી!!

અનુપે નક્કી કર્યું છે કે બીજું ગમે તે કરશે. કાળા ચોરને કાંધે દેશે, પણ બાપ જન્મારે કદાપિ લોટરીની ટિકિટ ખરીદશે નહીં!!!

ભરત વૈષ્ણવ

લઘુકથા..દેશની દુર્દશા માટે અમે પણ જવાબદાર છીએ..

એકવાર એક હંસ અને હંસિની હરીદ્વારના સુરમ્ય વાતાવરણમાં ફરતા ફરતા એક વિરાન અને રણ પ્રદેશમાં આવી જાય છે.હંસિની કહે છે કે આપણે ક્યાં આવા ઉજ્જડ વિસ્તારમાં આવી ગયા? અહીયાં તો પીવા માટે પાણી નથી,જંગલ નથી કે ઠંડી હવા નથી તો આપણે કેવી રીતે સમય પસાર કરીશું.

ભટકતાં ભટકતાં સાંજ પડી જાય છે ત્યારે હંસિની કહે છે કે હવે આપણે ગમે ત્યાં આજની રાત પસાર કરી દઈશ અને કાલે આપણે હરિદ્વાર જતા રહીશું.રાત પડી અને તેઓ જે ઝાડ નીચે રોકાયા હતા તે વૃક્ષ ઉપર એક ઘુવડ રહેતો હતો તે જોરથી બૂમો પાડે છે.ત્યારે હંસિની હંસને કહે છે કે અહીયાં ઘુવડ ઘણો અવાજ કર્યા કરે છે તેથી આપણને શાંતિથી ઉંઘવા પણ નહી દે.

હંસે સમજાવ્યું કે ગમે તે રીતે આજની રાત કાઢી નાખીએ.હવે મને સમજય છે કે આ પ્રદેશ આટલો ઉજ્જડ કેમ છે? આવા ઘુવડ જયાં રહેતા હોય તે વિસ્તાર વિરાન અને ઉજ્જળ જ હોય.વૃક્ષ ઉપર બેઠેલો ઘુવડ આ વાતો સાંભળી રહ્યો હતો.

સવાર પડી એટલે ઘુવડ નીચે આવે છે અને કહે છે કે હંસભાઈ માફ કરજો મારા લીધે આપને રાતે તકલીફ પડી છે.ત્યારે હંસ કહે છે કે એવી કોઈ વાત નથી આપનો આભાર.આમ કહી હંસ પોતાની હંસિનીને લઈને જવા લાગ્યો ત્યારે પાછળથી આવીને ઘુવડ કહે છે કે એ હંસ..મારી પત્નીને લઈને ક્યાં જાય છે? હંસને નવાઈ લાગે છે અને કહે છે કે આપની પત્ની કેવી રીતે? આ હંસિની તો મારી પત્ની છે.અમે સાથે આવ્યા હતા અને સાથે જ અહીથી જઈ રહ્યા છીએ.

ઘુવડ કહે છે કે શાંત થા.આ હંસીની મારી પત્ની છે.બંન્ને વચ્ચે ઘણો જ વાદવિવાદ થાય છે. આસપાસના ઘણા લોકો ભેગા થઈ જાય છે.ગામલોકોએ પંચાયત ભેગી કરી તો તમામ પંચના લોકો આવી ગયા.પંચો કહે છે કે ભાઈ તમારી વચ્ચે કંઈ બાબતનો વિવાદ છે? ત્યારે લોકો કહે છે કે ઘુવડ કહે છે કે હંસિની તેની પત્ની છે અને હંસ કહે છે કે હંસીની તેની પત્ની છે.

પંચોની બેઠક લાંબી ચાલી અને તે પૈકી ંચના લોકો એકાંતમાં જાય છે અને ખાનગીમાં ચર્ચા કરે છે કે સત્ય તો એ છે કે હંસિની હંસની પત્ની છે પરંતુ હંસ અને હંસિની તો થોડીવાર પછી ઉડીને અહીથી જતા રહેશે.અમારી જોડે તો આ ઘુવડ જ રહેવાનો છે એટલે નિર્ણય ઘુવડની તરફેણમાં જ આપવો જોઈએ.

લાંબી ચર્ચા વિચારણાને અંતે પંચોએ પોતાનો નિર્ણય સંભળાવ્યો કે તમામ તથ્યો અને સબૂતોની તપાસ કર્યા બાદ આ ગામની પંચાયત એ નિર્ણય ઉપર આવી છે કે હંસિની ઘુવડની જ પત્ની છે અને હંસને તાત્કાલિક આ ગામ છોડીને જતા રહેવા હુકમ કરવામાં આવે છે.આ સાંભળતાં જ હંસને નવાઈ લાગે છે અને તે રડવા લાગે છે અને કહે કલ્પાંત કરતાં કહે છે કે આપની પંચાયતે ખોટો નિર્ણય કર્યો છે.ઘુવડે મારી પત્ની પડાવી લીધી છે.

રડતાં રડતાં કલ્પાંત કરતાં કરતાં હંસ ગામ છોડીને જાય છે ત્યારે પાછળથી ઘુવડનો અવાજ સંભળાય છે કે એ મારા મિત્ર હંસભાઈ ઉભા રહો.ત્યારે હંસ કહે છે કે ઘુવડભાઈ હવે તમે શું કરશો? મારી પત્નીને તો તમે પડાવી લીધી છે હવે તમે મારો પ્રાણ લેવા ઈચ્છો છો?

ત્યારે ઘુવડ કહે છે કે નહી મિત્ર..આ હંસિની તમારી જ પત્ની છે અને રહેશે પરંતુ ગઈકાલે હું બુમાબુમ કરતો હતો ત્યારે તમે તમારી પત્નીને કહેતા હતા કે અહી ઘુવડ રહે છે તેથી આ વિસ્તાર ઉજ્જડ અને વિરાન એટલે છે.મિત્ર ઘુવડના રહેવાથી આ વિસ્તાર ઉજ્જળ અને વિરાન નથી.આ વિસ્તાર ઉજ્જડ અને વિરાન એટલે છે કેમકે અહીયાં એવા પંચો રહે છે જે ઉલ્લુઓના પક્ષમાં પોતાનો નિર્ણય આપે છે.

આઝાદીના ૭૫ વર્ષ બાદ પણ આપણા દેશની દુર્દશા માટે અમે પોતે જવાબદાર છીએ કારણ કે અમોએ અત્યાર સુધીની ચુંટણીઓમાં ઉમેદવારની યોગ્યતા અને ગુણ જોતા નથી પરંતુ આ અમારી જ્ઞાતીનો છે,આ અમારી પાર્ટીનો છે,અમારા વિસ્તારનો છે..વગેરેના આધારે ખોટા લાયકાત વિનાના,ફક્ત ભૌતિક સંપત્તિ ભેગી કરનારા,પદ-પ્રતિષ્ઠા મેળવવી એ જ જેમનો ઉદ્દેશ્ય છે તેવા ચુંટણી લડતા નેતાઓના પક્ષમાં અમારો નિર્ણય લઈને મત આપીએ છીએ તેથી દેશ અને રાજ્યની દુર્દશા માટે થોડાઘણા અંશે અમે પણ જવાબદાર છીએ..

વિનોદભાઈ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

હલાલ સખતાઈ વિરોધી પરિષદમાં 'હલાલ જેહાદ' આ ગ્રંથનું લોકાર્પણ !

૧૨ અને ૧૩ નવેમ્બરના દિવસે મુંબઈમાં આયોજિત 'હલાલ પરિષદ'ને વિરોધ કરવા માટે એકમતે પ્રસ્તાવ !

હલાલ પ્રમાણપત્ર એટલે આજનાં સમયનો જિઝીયા કર જ છે. આજે સંપૂર્ણ જગત્માં હલાલ અર્થવ્યવસ્થા ફેલાઈ ગઈ છે. હલાલ માન્યતા હોય એવા ઉત્પાદનોનો મુસલમાનો આગ્રહ કરી રહ્યા છે. તેથી હિંદુ વેપારી અને ઉદ્યોજકો પર હલાલની સખતાઈ કરવામાં આવી રહી છે. સરકારનું પ્રમાણપત્ર હોવાં છતાં પણ આ પ્રમાણે હલાલની સખતાઈ કરવી એટલે હિંદુઓનો બંધારણીય અધિકાર નકારવો એમ છે. 'હલાલ' કેવળ મુસલમાન કરી શકતા હોવાથી તેનાં દ્વારા એક રીતે બહુમતિ ધરાવતા હિંદુઓનો બહિષ્કાર કરવામાં આવે છે. તેથી હવે 'હિંદુઓએ જ સંગઠિત થઈને આ 'હલાલ' અર્થવ્યવસ્થાને 'ઝટકો' આપવો, એવું આવાહન 'હલાલ જેહાદ ?' આ ગ્રંથના સંકલક અને હિંદુ જનજાગૃતિ સમિતિના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી. રમેશ શિંદેએ કર્યું. તેઓ દાદર ખાતેનાં 'સ્વાતંત્ર્યવીર સાવરકર રાષ્ટ્રીય સ્મારક'માં આયોજિત 'હલાલ' સખતાઈ વિરોધી પરિષદ'માં બોલી રહ્યા હતા. આ પરિષદમાં ૧૨ અને ૧૩ નવેમ્બરના દિવસે મુંબઈમાં આયોજિત 'હલાલ પરિષદ'ને વિરોધ કરવા માટે એકમતે પ્રસ્તાવ સંમત કરવામાં આવ્યો. આ સમયે શ્રી. રમેશ શિંદેએ સંકલિત કરેલો 'હલાલ જેહાદ ?' આ ગ્રંથનું લોકાર્પણ કરવામાં આવ્યું.

હલાલ રોકવા માટે હિંદુઓની કૃતિ સમિતિ નિર્માણ કરીને હલાલ પ્રમાણપત્ર સખતાઈનો વિરોધ કરવો !- રણજિત સાવરકર, કાર્યાધ્યક્ષ, સ્વાતંત્ર્યવીર સાવરકર રાષ્ટ્રીય સ્મારક

અકબરના સમયથી લવ જેહાદ ચાલુ છે. હવે હલાલ જેહાદ ચાલુ થયું છે. હલાલ પ્રમાણપત્રનાં માધ્યમ દ્વારા મેળવેલા ધનમાંથી જેહાદી સંગઠનો ભારત સાથેજ સમગ્ર જગત્ પર રાજ્ય કરવાનું ષડયંત્ર રચી રહ્યા છે. તેથી હલાલ પ્રમાણપત્ર સખતાઈનો બહિષ્કાર કરવો, આ પ્રત્યેક હિંદુનું કર્તવ્ય છે. હિંદુઓએ કૃષ્ણનીતિનો આધાર લઈને હલાલ અર્થવ્યવસ્થાનો આર્થિક બહિષ્કાર કરવો. હલાલ રોકવા માટે હિંદુઓની કૃતિ સમિતિ નિર્માણ કરીને હલાલ પ્રમાણપત્ર સખતાઈનો જોરદાર વિરોધ કરવો.

હલાલ અર્થવ્યવસ્થાનો વિરોધ કરવા માટે 'મનસે' સિદ્ધ !

-યશવંત કિલ્લેદાર, ઉપાધ્યક્ષ, મનસે

'હલાલ' આ મુસલમાનો સુધી મર્યાદિત હોવું જોઈએ, તેની સખતાઈ હિંદુઓ પર શા માટે? હલાલ પ્રમાણપત્ર સખતાઈ પાછળ જે ષડયંત્ર ચાલુ છે, તેને હવે 'ઝટકો' આપવાનો સમય આવી ગયો છે. હલાલ અર્થવ્યવસ્થાનો વિરોધ કરવા માટે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના સદૈવ સિદ્ધ છે. અમારા નેતા રાજસાહેબ ઠાકરે હલાલના વિરોધમાં હિંદુઓને પીઠબળ પૂરું પાડવા ઊભા રહેશે.

આ સમયે ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા અને ભૂતપૂર્વ સાંસદ ડૉ. વિજય સોનકર શાસ્ત્રીજીએ કહ્યું કે, હલાલ પદ્ધતિ કેવળ માંસ કાપવા પૂરતી મર્યાદિત રહી નથી. આજે બધાજ ક્ષેત્રોમાં હલાલ અર્થવ્યવસ્થાએ પ્રવેશ કર્યો છે. હલાલ જેહાદ હિંદુઓના વિરોધમાં મોટું ષડયંત્ર છે. દિલ્લીનાં ઉપહારગૃહોએ માંસ 'ઝટકા' છે કે 'હલાલ' છે, એ ગ્રાહકોને સ્પષ્ટપણે દેખાડવું, એવું ત્યાંની મહાનગરપાલિકાની ભાજપ સરકારે ફરજિયાત કર્યું છે. વસઈ (મેઘે) ખાતેનાં પરશુરામ તપોવન આશ્રમનાં સંસ્થાપક ભાર્ગવશ્રી બી.પી. સચિનવાલાએ કહ્યું કે, હિંદુઓએ પોતાનાંમાં રહેલા ભગવાન પરશુરામને જગાડીને સનાતન ધર્મનો પ્રચાર અને પ્રસાર કરવો. એમ કરવાથી બધા પ્રકારનાં હલાલ જેહાદ સાથે જ સર્વ જેહાદ પોતાની મેળેજ નષ્ટ થશે. જ્યારે અખિલ ભારતીય વીરશૈવ મહાસંઘનાં કાર્યાધ્યક્ષ ડૉ. વિજય જંગમે કહ્યું કે, હલાલની પાછળ ઘણું મોટું ષડયંત્ર શરૂ છે અને તે રોકવા માટે આપણને 'ત્રિશૂળ' પ્રમાણપત્ર આપવા માટે સરકારે પરવાનગી આપવી જોઈએ.

અખિલ ભારતીય કસાઈ સમાજનાં મહારાષ્ટ્ર પ્રભારી શ્રી. વિવેક ઘોલપે કહ્યું કે, હલાલને લીધે હિંદુ કસાઈઓ પર બેકારીની કુહાડી ઉગામવામાં આવી છે. હિંદુઓએ 'હલાલ'ને બદલે 'ઝટકા' પદ્ધતિનું માંસ લેવા માટે આગ્રહ રાખવો, જ્યારે 'ઝટકા મહાસંઘ'ના શ્રી. સંતોષકુમાર ગુપ્તાએ 'હલાલ જેહાદનો વિરોધ કરવા માટે હિંદુઓએ ઝટકા પદ્ધતિનું જ માંસ લેવું', એવું આવાહન કર્યું. 'હિંદુઓએ પોતાની તાકાત અને સંગઠન વધારવું, તો જ આપણે હલાલરૂપી ષડયંત્રને નષ્ટ કરી શકીશું, એવો મત 'મહારાષ્ટ્ર રાજ્ય સરાફ અને સુવર્ણકાર ફેડરેશન'ના અધ્યક્ષ શ્રી. મોતીલાલ જૈને વ્યક્ત કર્યો. આ સમયે જ્યેષ્ટ અભિનેતા શ્રી. શરદ પોંક્ષે, પ્રસિદ્ધ વ્યાખ્યાનકાર અને પત્રકાર શ્રી. પુષ્પેંદ્ર કુલશ્રેષ્ઠ, સુપ્રસિદ્ધ લેખક અને પ્રવચનકાર ડૉ. સચ્ચિદાનંદ શેવડે ઈત્યાદિ માન્વરોએ વ્યક્ત કરેલા વિષયનો વિડિઓ આ કાર્યક્રમમાં પ્રસારિત કરવામાં અવ્યો, જેમાં હલાલ અર્થવ્યવસ્થાનો વિરોધ કરવા માટે તેમણે આવાહન કર્યું.

આ 'હલાલ સખતાઈ વિરોધી પરિષદ'માં 'હલાલ' અર્થવ્યવસ્થાને સંગઠિત થઈને 'ઝટકો' આપવાનો નિર્ધાર વ્યક્ત કરીને વિવિધ પ્રસ્તાવ સંમત કરવામાં આવ્યા. સંપૂર્ણ 'વંદે માતરમ્' ગાઈને આ કાર્યક્રમની સમાપ્તિ કરવામાં આવી.

આપનો નમ્ર,
શ્રી. રમેશ શિંદે
રાષ્ટ્રીય પ્રવક્તા, હિંદુ જનજાગૃતિ સમિતિ
(સંપર્ક : ૯૯૮૭૯૬૬૬૬૬)

સોના-ચાંદીના વાયદાના ભાવમાં નવા સપ્તાહનાં કામકાજના પ્રારંભે નરમાઈ

ક્રૂડ તેલ, નેચરલ ગેસ પણ ઢીલા: કોટનમાં તેજીનો માહોલ: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૧૧૭૫૬ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૯૫૮૭ કરોડનું ટર્નઓવર : કોમેડેક્સ વાયદામાં રૂ. ૫૨ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૪૯,૬૦૩ સોદાઓમાં કુલ રૂ.૨૧,૩૯૫.૨૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૧૧૭૫૫.૫૧ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૯૫૮૭.૨૮ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૧૬,૨૫૫ સોદાઓમાં કુલ રૂ.૭,૬૩૪.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૧,૬૮૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૬૮૫ અને નીચામાં રૂ.૫૧,૧૬૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૯૬ ઘટી રૂ.૫૧,૨૬૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૩૫ ઘટી રૂ.૪૦,૭૪૯ અને ગોલ્ડ-પેટલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૪૬ ઘટી રૂ.૫,૦૮૬ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૪૫૩ના ભાવે ખૂલી, રૂ.૬૧૨ ઘટી રૂ.૫૧,૧૦૪ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૦,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૦૦૦ અને નીચામાં રૂ.૫૯,૧૦૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૧૨૦૫ ઘટી રૂ.૫૯,૫૮૦ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ. ૧૧૧૧ ઘટી રૂ.૬૦,૦૧૫ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧,૦૬૮ ઘટી રૂ.૬૦,૦૮૧ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૪,૬૧૯ સોદાઓમાં રૂ.૨,૨૫૩.૭૫ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ઓક્ટોબર વાયદો ૧ કિલોદીઠ રૂ.૧ ઘટી રૂ.૨૦૩.૫૫ અને જસત ઓક્ટોબર વાયદો રૂ.૦.૩૫ વધી રૂ.૨૭૭ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૫.૫૦ વધી રૂ.૬૫૬.૭૦ તેમ જ સીસું ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ વધી રૂ.૧૮૩ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૨,૬૨૮ સોદાઓમાં કુલ રૂ.૧,૮૦૪.૨૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૫૯૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૬૨૮ અને નીચામાં રૂ.૭,૫૪૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૪૭ ઘટી રૂ.૭,૫૮૦ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬.૮૦ ઘટી રૂ.૫૫૭.૯૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭૧૯ સોદાઓમાં રૂ.૬૨.૬૪ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ઓક્ટોબર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૪,૩૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૪,૫૬૦ અને નીચામાં રૂ.૩૩,૫૬૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧,૦૧૦ વધી રૂ.૩૪,૩૫૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯ ઘટી રૂ.૯૮૮.૪૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૪,૧૩૫.૮૧ કરોડનાં ૮,૦૫૩.૫૨૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩,૪૯૯.૦૬ કરોડનાં ૫૮૬.૨૩૩ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૯૮૫.૩૯ કરોડનાં ૧૩,૦૦,૮૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૮૧૯ કરોડનાં ૧૪૬૮૫૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૫૩.૯૮ કરોડનાં ૧૬૯૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૮.૬૬ કરોડનાં ૮૭.૧૨ ટનનાં કામકાજ થયાં હતાં.ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૨૯૧.૪૫૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૧૪.૫૮૩ ટન, ક્રૂડ તેલમાં ૧૧૦૨૦૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૯૪૧૭૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૭૧૪૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૬૨૧ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૫૨.૪૪ કરોડનાં ૭૩૫ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૪,૪૫૨ના સ્તરે ખૂલી, ૨૦૦ પોઈન્ટ ઘટી ૧૪,૨૫૨ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૯,૫૮૭.૨૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૯૫.૧૮ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૧૩.૦૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭,૬૬૮.૩૩ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૧૧૦.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૦૦.૬૦ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ

ન્યુઝ ઓફ ગાંધીનગર.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

NOG SS No : 0092
પ્રકાર :- પદ્ય
વિષય :- માળો
શિર્ષક :- વિખરાયેલો માળો

એક માળાની ચકી આવી ઉડી,
બીજે માળે જઇ બેઠી.
કીધો એવો ઘરોબો ચકા સાથે કે જાણે,
જન્મ- જન્માંતરથી તે અહીં જ રહેતી.
લાવી દાણા ને પાણી,
માળાને ધનવાન રાખતી.
ખંતથી સજાવી એને,
પોતાનો સદાય માનતી.
જન્મ આપ્યો ચકી- ચકાને,
માળો જાણે જીવંત થયો.
મહેનત કરતી ચાર પેટ ભરવા,
એ જ જીવનનો નિત્યક્રમ થયો.
આંખો ખૂલી, પાંખો ફૂટી,
બચ્ચાંને ખૂલા નભનો પરિચય થયો.
સપનાં ચકીએ સજાવ્યા,
એના જીવનનો જાણે અભ્યુદય થયો.
ચકો હતો આળસુ ને સ્વાર્થી
ચકીની મહેનત ખાતો ગયો.
બચ્ચાં પ્રત્યે હતો લાપરવાહ એ,
ચકીને આ અભિગમ ના ગમ્યો.
પ્રેમ કરતી'તી માળાને ચકી,
ચકાનો આથી જુલમ ખૂબ સહયો.
લીધું કામ કડકાઇથી જ્યારે,
ચકાએ માળો વીંખી નાંખ્યો.
મોંમાં લઈને બચ્ચાંઓને,
ડાળ- ડાળ સુરક્ષિત જગા શોધી.
મળી એક જગા માંડ જ્યારે,
સળી - સળી કરી પરોવી દીધી.
પાથરી થોડાં ગાભાં ને રૂં,
બચ્ચાં ને ત્યાં વિસામો દીધો.
નાજુક, નમણાં બચ્ચાં માટે,
ચકીએ એવો જ રૂડો માળો કીધો.
બચાવી રાખતી દુષ્ટ નજરોથી,
ભોળા ને નાજુક બચ્ચાંને.
ચણ લેવા જાય તોય પ્રાર્થના કરતી,
રાખજે પ્રભુ સુરક્ષિત મારા બચ્ચાંને.
સમય વીતતા બચ્ચાં મોટા થયા,
માળો છોડી દૂર ઉડી ગયા.
હીબકાં ભરતી એ ચકીને,
એકલતાના વમળમાં છોડી ગયા.
ચકી આજ રડે છે માળો જોઈને,
આનું હવે હું શું કરું?
સાચવવાનું જ કંઈ રહ્યું નથી બાકી,
માળાને સાચવીને હવે શું કરું?
છતાંય ચકીની આંખોમાંથી,
આશિષની વર્ષા વરસે છે.
સલામત રહે બચ્ચાં મારા ને મળે સુંદર માળો,
પણ આજેય એમની રાહમાં ચકીની આંખો તરસે છે.
માળો નથી માત્ર એક રહેઠાણ,
અહીં સપનાઓનુંય વાવેતર છે.
સળીઓને ગાભાઓની વચ્ચે,
પ્રેમ લૂંટાવીને પ્રેમ માટે ઝુરતું માવતર છે.
માળો માવતરનો છોડીને,
નવો માળો બનાવવાની ભૂલ રખે કરતાં.
રહેઠાણ તો મળી જશે પણ,
દબાયેલા ડૂસકાં પર સુખની સેજ સજાવવાની ભૂલ રખે કરતાં.
ઈ અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર...૦૯ / ૧૦ / ૨૨.

NOG SS NO. 0034
પ્રકાર : ગદ્ય (વાર્તા)
વિષય : માળો
શીર્ષક : જિંદગી કા સફર

કબૂતર અને કબૂતરીએ ફ્લેટની બારીની બહાર માળો બાંધ્યો હતો. એકાકી જીવન જીવતાં રમેશભાઈ આખો દિવસ થતી આ ચહલ-પહલથી ખુબ જ ખુશ હતાં. આ પ્રેમી પારેવડાંઓએ તેમનાં જીવનમાં પણ નવી ઉર્જાનો સંચાર કર્યો હતો. તેઓ તેમનાં માટે ક્યારેક બૂંદી-ગાંઠિયા મૂકતાં અને કૂંડામાં પાણી તો ક્યારેય ખૂટવાં ન દેતાં. વળી, કબૂતર ક્યારેક રુમમાં આવીને બેઠો હોય ત્યારે એની સાથે વાતો પણ કરતાં. જાણે કેમ તે બધું સમજતો ન હોય!

એક-એક તણખલું ગૂંથીને કેવાં પ્રેમથી એમણે પણ આ માળો-ઘર બનાવ્યું હતું! ટૂંકા પગારની નોકરી હોવાં છતાંય એમનાં ધર્મપત્ની રંજનબેનનું સ્પષ્ટ માનવું'તું કે માણસને પોતીકો આશરો હોવો જોઈએ. સ્વભાવે સરળ એવાં રંજનબેન ખૂબ જ કરકસર કરતાં અને નાની નાની બચત કરતાં. પૈસાની ભીડ તો કાયમ રહેતી, છતાંય આ ફ્લેટ સસ્તામાં બુકિંગ થતાં હતાં ત્યારે પોતાનું સ્ત્રી ધન વેચીને પણ એને બુક કરાવી લીધો હતો. સમય જતાં હમે હમે પૈસા ચૂકવાતાં ગયાં અને એમનાં સ્વપ્ન મહેલની બહાર એમનાં નામની તકતી ચકચકતી હતી.

જિંદગીનાં બે છેડાં ભેગાં કરતાં કરતાં સમય સરકતો રહ્યો અને એમનો માળો સંતાનો ની કિલકારીયોથી ગૂંજવા લાગ્યો. સંતાનોનાં આગમનથી ઘરનાં બજેટ ઉપર સીધી અસર થઈ તેથી તેઓ રાત્રે પણ કામ કરતાં. દરેક પરિસ્થિતિમાં પતિ-પત્ની બંને ખુશખુશાલ રહેતાં અને જીવનરથને સાથે મળીને હંકારતાં.

કહેવાય છે ને, સુખનો સમય ખૂબ ઓછો હોય છે.બચ્ચાંઓને પાંખો આવતાં તેઓ વિદેશ સેટ થઈ ગયાં. થોડાંક દિવસોમાં રંજનબેન પણ અનંતની યાત્રાએ ચાલી નીકળ્યાં. એકલા રહેતાં રમેશભાઈને દીકરાંઓએ વિદેશ તેડાવ્યાં પરંતુ એક-બે મહિનામાં જ કડવાં અનુભવોથી તેમનું મન ભરાઈ ગયું. પારકી ભોમ અને હવે પરાયાં બનેલાં સંતાનોને છોડીને તેઓ પાછાં આવી ગયાં પોતાનાં માળામાં!

કબૂતરનો સુખી સંસાર જોઈને તેઓ ખૂબ ખુશ થતાં. પરંતુ થોડાંક જ દિવસોમાં તેનાં બચ્ચાં પણ ઉડી ગયાં અને કબૂતરી પણ તેને છોડીને જતી રહી. રહી ગયો માત્ર કબૂતર!

એકલો, અટૂલો રમેશભાઈની જેમ સ્તો!

રમેશભાઈ કાયમ આ ગીત ગાતાં, ' જિંદગી કા સફર, હૈ યે કૈસા સફર.. કોઈ સમજા નહીં, કોઈ જાના નહીં...'

--ડૉ. રેખા શાહ

NOG SS No -0042
વિષય -માળો
પ્રકાર -ગદ્ય(વાર્તા)
શીર્ષક- મુક્ત માતૃત્વ
શબ્દ -૩૭૨

રોજ સવારે બાલ્કનીમાં બેસીને ચા પીતાં-પીતાં સામેના ઝાડ પર આવતાં પક્ષીઓને જોવા એ મારો રોજનો નિત્યક્રમ બની ગયો હતો. નાનકડું તણખલું લઈ ઝાડ પર માળો બાંધતી ચકલીને જોઈ અરમાનોનો કળશ લઈ મેં કરેલો ગૃહ પ્રવેશ યાદ આવી ગયો.

અપૂર્વ સાથેના સ્નેહભર્યા દામ્પત્ય જીવનના ફળ સ્વરૂપે બે મીઠડાં બાળકો રોહન અને રિયાનો જન્મ થતાં મારો માળો સંપૂર્ણ બન્યો.

બાળકોની સ્કૂલે, ટ્યુશનમાં, હોબી ક્લાસમાં મુકવા જવું, હોમવર્ક કરાવવું, ટૂંકમાં મારી જીવનયાત્રાનું પરિઘ મારા બાળકોના ઉછેર પૂરતું સીમિત બની ગયું હતું. દૂધવાળાએ બેલ મારતાં મારી સ્મૃતિ યાત્રાનાં રથના પૈડા થંભી ગયા અને રોજિંદા કાર્યમાં ગોઠવાઈ ગયાં.

સાચી દિશા અને સારા સમયના સથવારે બાળકો ક્યારે મોટા થઈ ગયા તેની ખબર પણ ન પડી. મુઠ્ઠીમાં સમાયેલી રેતીની જેમ સરકતા સમયે બાળકોને એવા સમજદાર બનાવ્યા કે ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ સ્થાયી થવા છતાં મેં આપેલા સંસ્કારો નહોતા ભૂલ્યા.

સમય જતાં ચકલી એ પણ પોતાનો માળો વિસ્તાર્યો હતો. ઈંડા સેવી બચ્ચાંને મોટાં કરતાં એ માની ભૂમિકા બખૂબી નિભાવતી હતી. ચાંચમાં દાણા લઈ બચ્ચાને ખવડાવતી. બચ્ચાંનું હેત અને ચકલીનું વહાલ એ આદાન-પ્રદાન મારી સ્મૃતિને આળસ મરડીને બેઠી કરી દેતાં.

'મમ્મા, તમારા હાથનો ગાજરનો હલવો તો જોરદાર.'

'મમ્મા, ખીર તો તમારા જેવી કોઈની ના બને. હું તો બહાર ભણવા જઈશ ને ત્યારે તમને રસોઈ બનાવવા સાથે લઈ જઈશ. આ ભઈલો ભલે આંસુ સારતો!'

'જાને,ચિબાવલી. તું રસોઈ જાતે બનાવતાં શીખી જજે. મમ્માને તો હું જ લઈ જઈશ.

ડાઈનિંગ ટેબલ પર ભાઈ-બહેનનાં થતાં મીઠા ઝઘડા જ્યારે મારાં મનમાં પડઘાય ત્યારે મારી આંખમાં આવેલા આંસુ સાથે હું જમવાનું અધૂરું છોડી દેતી અને બાળકોને દૂર મોકલ્યાંનો અફસોસ કર્યા કરતી.

રોજ પીવાતી ચા,બાલ્કની અને ચકલી મારા સાથીદાર બની ગયા હતાં. રોજ થોડું થોડું ઉડતાં શીખવતી ચકલીએ એક દિવસ તેના બચ્ચાંને મુક્ત ગગનમાં વિહરતાં કરી દીધા. પાછા માળામાં ન આવવાની શરતે.

હું જોતી રહી ગઈ તેના મુક્ત માતૃત્વને,ક્યાંય બાધા રૂપ નહોતું બન્યું બચ્ચાંની પ્રગતિ માટે.

એક દિવસ ચકલી તેની ચાંચમાં તણખલું લઈ ફરી માળો બનાવવામાં વ્યસ્ત થઈ ગઈ. બીજે દિવસે મેં મારાં ઘરની બહાર બોર્ડ મૂક્યું ,'અહીં અંગ્રેજી માધ્યમના એક થી સાત ધોરણનાં બાળકોને શુદ્ધ ગુજરાતી બોલતાં, વાંચતાં અને લખતાં શીખવવામાં આવશે. સાથે નોંધ મૂકી,ફીમાં માત્ર બાળકોનો નિસ્વાર્થ પ્રેમ જ સ્વીકારવામાં આવશે' ધીરે ધીરે બાળકો આવવા લાગ્યા.

'હવે હું પણ વ્યસ્ત હતી ચકલીની જેમ જ.'

પૂજા(અલકા)કાનાણી

NOG SS NO.0081
વિષયઃ માળો
પ્રકારઃ પદ્ય
શીર્ષકઃ બાંધજે બિન્દાસ!
શબ્દોઃ ૧૧૦

તે દિ× એણે આવી દીધાં ટકોરા,
દીસે ન મુજને કોઈ ? આસપાસ.
વળી એણે દીધો સાદ જરા જોરથી,
જોયું તો એક પક્ષી ડોક હલાવે ફરી ફરી.
કહે ખાવા ચણ,પીવા જળ દો છો દિલ ખોલી,
વૃક્ષ કાપો તો અમ સૌને જગ્યા ક્યાં છે રહેવાની?
આડેધડ કાપી તરુવર,અમ સૌને કર્યા બેઘર,
નથી જાણ શું ગત થાય જો માળો વીખરાય?
તમને તો દે સરકાર ઘર જાય જો તૂટી કે વહી,
અમ ખગને તો તમો જ સરકાર,ન કરો આવી બેરહમી.
સાંભળી વાત એની, આંખો થઈ ભીની,
દીધો આશરો એને, ઘરમાં દિલથી એક ખૂણે.
પૂછે ભાઇ શું લેશો , હું તો બેઘર, બેકાર,
કીધું મીઠું ગાન તું ગાજે, બાંધી માળો બિન્દાસ!
#© માયા દેસાઈ
મુંબઈ ભારત.

NOG SS No : 0078
પ્રકાર - પદ્ય (અલગ અલગ છંદમાં શેર)
વિષય - સુગંધ
શીર્ષક - સુગંધ

અંધ પૂછે 'સુગંધ આવી મસ્ત?'
કહે કે પાસે ગુલાબ છે ગુલાબ.
યાદ એની લઈ હવાના આવતાં જ!
પ્રસરી ગઈ ભીનાશ પણ સુગંધમાં.
બગીચો નથી પાસમાં, પણ સુગંધિત પવન?
હવામાં મને એમની પ્રેમ ફોરમ મળે.
સુગંધી ફૂલ સૌ ભેગા કરી રંગો બનાવું તો?
ભીના ને પારદર્શી ભાવથી રંગો બનાવું તો!
ઘણી ઉન્નતિ કરી વિજ્ઞાને પણ કહું વાત ઈશ્વરની;
પ્રથમ વરસાદી ભીની માટીની સુગંધ લાવી જો.
- શ્વેતા તલાટી

NOG SS No : 126
પ્રકાર : ગદ્ય (ચિંતન લેખ)
વિષય : સુગંધ
લેખકઃ મોહનભાઈ 'આનંદ '

==========

પૃથ્વી સગન્ધા સરસાસ્તથાપઃ
સ્પર્શી ચ વાયુર્જ્વલિતં ચ તેજઃ
નભઃ સશબ્દં મહતા સહૈવ,
કુર્વન્તુ સર્વે મમ સુપ્રભાતમ્ ॥

જ્વલિત તેજ, શબ્દ સહિત આકાશ અને મહતત્વ - સર્વે મારા પ્રાતઃકાળને મંગલમય કરો.

આ સવારની પ્રાર્થના છે.એમા પંચતત્વોના દેવોને આહ્વાન કરી પ્રભાત ને સુપ્રભાત મંગલમય બને એવી ભાવના છે,

પરિણામે દિવસ સુંદર સુગંધ યુક્ત પ્રસાર થાય. આપણો

આત્મિય ભાવનો , ઊર્મિનો સંસ્પર્શ બીજાઓ સુધી પવનદેવ પહોંચાડે છે,જેથી વાતાવરણની અસર દિવ્યતા સભર, રસાળ અને મધુરતામાં ઢળી અંતઃકરણને તુષ્ટિ અને પુષ્ટિ આપે છે ?

મહાન ભગવદીય પરમવૈષ્ણવોએ શ્રી યમુનાજી ના ૪૧ પછ ગાયા છે, તેમાં ચૌદમાં પદમાં કહ્યું છેઃ

પ્રાણ પતિ,વિહરત શ્રી યમુના કૂલે,
લુબ્ધ મકરંદ કે, ભ્રમર જ્યોં બસ ભયે;
દેખ રવિ ઉદય, માનો કમલ ફૂલે.
કરત ગુંજાર મુરલી જુ લે સાંવરો;
સુનત બ્રિજ બધૂ ,તન સૂધ છું ભૂલે,
ચતુર્ભુજ દાસ યમુને પ્રેમ- સિંધુ મેં,
લાલ ગિરિધરન વર, હરખિ ઝૂલે.

ગંધ એ પૃથ્વી તત્વનો ગુણ છે, યોગવિદ્યાના વિજ્ઞાનમાં ચતુષ્કોણ સુવર્ણ રંગવાળુ પૃથ્વી તત્વનું સ્થાન મૂલાધાર ચક્ર છે,એ ગુદા મૂળથી ઉપર બે આંગળ અને ઉપસ્થ નીચે બે આંગળ નીચે છે.એના ચાર વર્ણ છે .તત્વબીજ લં છે. ગુણ ગંધ છે, જ્ઞાનેન્દ્રિય ગંધ તન્માત્રાથી ઉત્પન્ન થવાવાળી સુંઘવાની શક્તિ નાસિકા સ્થાન છે.એનો લોક ભૂલોક? છે .

તત્વબીજનુ વાહન ઐરાવત જેના ઉપર ઈન્દ્ર વિરાજમાન છે.અધિપતિ દેવતા બ્રહ્મા પોતાની શક્તિ ચતુર્ભુજ ડાકિની સાથે છે.

પ્રાકૃતિક પંચતત્વોના પંચીકરણ અને ત્રણ ગુણોના મિશ્રણ થી જીવ ઈન્દ્રિયોના વિષય અને એની તન્માત્રાઓ શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધનો, અહંકાર દ્વારા દેહ અધ્યાસના કારણે

મન બુધ્ધિના માર્ગદર્શન હેઠળ, ઉપયોગ અથવા ઉપયોગ કરીને સુખી અથવા દુખી? થાય છે. આ પ્રાકૃતિક સત્ય છે.

સૃષ્ટિનો રચના કરનાર પરમપિતા છે,એમની લીલા છે, આપણા આનંદ માટે સૃષ્ટિનું સર્જન કર્યું છે. આપણે તો અહોભાવ વ્યક્ત કરવાનો મોકો છે.એમની દિવ્યતા અને

દિવ્ય રસાનુભૂતિ દ્વારા દિવ્ય સુગંધનો આપણે ઉપભોગ કરીને જીવન કૃતાર્થ કરવાનું છે.

પૂજામાં પંચોપચાર, ષોડશોપચાર વગેરે હોય છે.ભગવાનને

ચંદન અથવા ઈતર સુગંધી દ્રવ્યો દ્વારા , આપણે સ્નાન વગેરે કરીને,લેપન આદિ કરી સૌભાગ્ય પ્રાપ્ત કરી ધન્યતા અનુભવીએ છીએ. મંદિરોમાં, ઘરમાં એમ કરીએ છે.

સુગંધ એ પરિપક્વતા છે, જ્યારે ફળ પાકે, ત્યારે એની સુગંધ ચારે તરફ પ્રસરી જાય છે. એ પ્રાકૃતિક ઘટના છે.

એવી રીતે વ્યક્તિના સદગુણો અને સત્કર્મથી એની સેવાની પુષ્ટિ થાય એટલે એના કર્મો મહેંકતા જાય,એની કીર્તિ અત્તરની જેમ ફેલાઈ જાય,એ જ તો પૃથ્વી તત્વનું રહસ્ય ગંધ છે.એનાથી ઉલ્ટું પણ હોઈ શકે છે, આપણને અનુભૂતિ થાય જ છે .

વ્યક્તિના શરીરમાંથી પણ સુગંધ અને દુર્ગંધ બન્ને ફેલાય છે. અમૂક મુનિ સ્નાન ઈત્યાદિ ના કરવા છતાં એમના શરીર માંથી દિવ્ય સુગંધ પ્રગટે છે. પ્રાણાયામ અભ્યાસક્રમ કરનાર ઉચ્ચ કોટિના સાધકને દિવ્ય સુગંધનો અનુભવ થાય છે.

ધ્યાન કરનારને પણ એમ અંનુભવાય છે. આમ પૃથ્વી તત્વનો વિકાસ થાય,અને દિવ્ય સુગંધ સમજાય છે.

એવી રીતે દુર્ગંધ પણ અનુભવીએ છીએ,એ કહોવાટ છે,

એ પ્રકૃતિમાં નષ્ટ થતાં પરિવર્તનશીલ નિયમોને આધારે છે.

શાશ્વત તો ચૈતન્ય છે, તત્વો પરિવર્તન શીલ છે, લાયકાત પ્રમાણે ઉપાય , ઉપભોગ કે ઉપચાર થાય છે.ઈશ્વરે આપેલી દિવ્ય ગ્રામ ઈન્દ્રિયનો સદ ઉપયોગ કરી જીવન ધન્ય બનાવવું જોઈએ.

સનાતન ધર્મની જેમ બીજા ધર્મોમાં પણ ગંધોપચાર છે.

દરગાહ પર ફૂલો અને અત્તર દ્વારા પૂજા આરાધના થાય છે

જન્મ, મરણ, લગ્ન , વિશિષ્ટ ઉત્સવમાં દેશ વિદેશમાં સુગંધ નો ઉત્સવ થાય છે. એ ઉત્સાહવર્ધક અને મન બુધ્ધિને

શાંતિદાયક બની વિકાસનો માર્ગ પ્રશસ્ત કરે છે. ઈશ્વરની

રચના પર સવાલ ઉઠાવનાર ઘણા છે,પણ એની દિવ્યતાને

આચરણમાં લાવીને, જીવનમાં રસાનુભૂતિ અને સુગંધથી મહેંકતા ઘણા ઓછા છે.

મારું તો ફક્ત એક જ વિધાન છે. તમે દિવ્યમાં તરબતર

છો જ, બસ એક કળથી એ દ્વાર ખોલવાની જ વાર છે.

તમે એવા દિવ્યજ્ઞાન, દિવ્ય સુગંધિત જીવન પામવાના

અધિકાર સાથે જન્મ્યા છો પછી વંચિત કેમ છો? આ પ્રશ્ન આપણે પોતાની જાતને પુછવો જોઈએ. અને ઉત્તર પણ તમને પોતાની જાતમાંથી જ મળશે , એવી દિવ્ય વ્યવસ્થા છે. સૌનું જીવન દિવ્યતા સભર બને, સદગુણોથી મ્હેકી ઊઠે, બસ એટલી જ દિવ્ય સુગંધિત પ્રાર્થના શ્રી ચરણોમાં છે. ૐ આનંદ ૐ.

મોહનભાઈ 'આનંદ'

સમસ્ત મહાજન દ્વારા "સમગ્ર ભારતમાં નિઃશુલ્ક પશુ સારવાર એમ્બ્યુલન્સની જરૂરીયાત" ના વિષય પર ગીરીશભાઈ શાહનો વેબીનાર



વૈશ્વીક સ્તરે જળ, જંગલ, જમીન, જનાવર, જનની સુખાકારી માટે કાર્યરત સંસ્થા સમસ્ત મહાજન દ્વારા 'સમગ્ર ભારતમાં નિઃશુલ્ક પશુ સારવાર એમ્બ્યુલન્સની જરૂરીયાત'' વિષય પર તા.૧૨/૧૦/૨૦૨૨ ને બુધવારના રોજ રાત્રે ૮-૩૦ કલાકે રાષ્ટ્રીય વેબીનાર યોજાશે. જેમ મનુષ્યોને સારવારની જરૂર પડે છે તેમ પશુ-પક્ષીઓને પણ સારવારની જરૂર પડે છે. ખાસ કરીને પશુ–પક્ષીઓને પોતાની વાણી ન હોય તેઓ પોતાની બીમારી, વૃધ્ધાવસ્થા, પીડા વિગેરે અન્ય કોઈને વ્યકત કરી શકતા નથી કે કોઈ ને જાણ કરી શકતા નથી. જેના હિસાબે દર વર્ષે લાખોની સંખ્યામાં અબોલ પશુ-પક્ષીઓ પૂરતી સારવારના અભાવે મૃત્યુ પામતા હોય છે. નિઃશુલ્ક સારવારની વ્યવસ્થા, સ્થળ ઉપર સારવારની એમ્બ્યુલન્સ સાથેની અને નિષ્ણાંત ડોકટરોની ટીમ સાથેની વ્યવસ્થા જો સમગ્ર ભારતમાં થઈ જાય તો દર વર્ષે લાખો-કરોડો અબોલ પશુ-પક્ષીઓનું જીવન બધા સાથે મળીને બચાવી શકીએ. આ વિષય પર પરંતુ સામાજીક દૃષ્ટિકોણથી તેમજ તબીબી દૃષ્ટિકોણથી માર્ગદર્શન આપવાનો પ્રયાસ આ વેબીનારમાં કરવામાં આવશે. જેમાં મુખ્ય વકતા તરીકે ભારત સરકારના એનીમલ વેલફેર બોર્ડના સદસ્ય અને સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ગીરીશભાઈ શાહ માર્ગદર્શન આપશે. તથા પ્રખર જીવદયા પ્રેમીઓ દેવેન્દ્ર જૈન(મુંબલ-વાપી), પરેશ શાહ(મુંબઈ), પ્રતિક સંઘાણી(રાજકોટ), રવીન્દ્ર જૈન (રાજસ્થાન), ડો. નિકુંજ પીપળીયા (રાજકોટ) પોતાનું વકતવ્ય આપશે. આ વેબીનારનું સંચાલન એનીમલ વેલફેર બોર્ડનાં મિતલ ખેતાણી દ્વારા કરવામાં આવશે. આ વેબીનાર http://www.facebook.com/samstmahajan y™u http://www.facebook.com/animalhelplinearinafoundation પર લાઈવ નિહાળી શકાશે. આ વેબીનાર અંગેની વિશેષ માહિતી માટે સમસ્ત મહાજનનાં ગીરીશભાઈ શાહ (મો.૯૮૨૦૦ ૨૦૯૭૬), મિતલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

આ વેબીનારને સફળ બનાવવા માટે સમસ્ત મહાજનના કુમારપાળ શાહ, રમેશભાઈ ઠકકર, ધિરેન્દ્રભાઈ કાનાબાર સહિતની ટીમ જહેમત ઉઠાવી રહી છે.

દશેરા પર્વ નિમિત્તે "રાવણ અને શૂર્પણખા દહન" કાર્યક્રમ

૫ ઓક્ટોબર ૨૦૨૨ 'દશેરા ના પર્વ નિમિત્તે અમદાવાદ મા કાંકરિયા લેક, ગેટ નં.૧ પાસે સમાનતા ફાઉન્ડેશન - ગુજરાત ના ૨૯ જેટલા સભ્યો દ્વારા (સેવ ઇન્ડિયન ફેમિલી ના નેજા હેઠળ) રાવણ દહન ની સાથે-સાથે શૂર્પણખા નુ દહન કરવામાં આવ્યું હતું., કે જે રીતે રાવણ ને ગેરમાર્ગે દોરનાર પોતાની બહેન શૂર્પણખા ને કારણે તેની લંકા અને રાવણ ના સમગ્ર કુળ નો સર્વનાશ થયો હતો.

અમુક સ્ત્રીઓ દ્વારા કાયદા નો દુરુપયોગ કરીને પુરુષો ર્ક્ષતેના પરીવાર ને ખોટા કેસો મા ફસાવવાના કિસ્સા વધી રહ્યા છે ઉપરાંત પુરુષો (પિતા) ને તેમના જ બાળકો થી અલગ કરી દઈને તેમને માનસિક રીતે એટલા બધા હેરાન કરી દેવામાં આવે છે કે તેઓ ક્યારેક આત્મહત્યા કરવા મજબુર થઈ જતા હોય છે એ માટે પીડિત પુરુષો ને સમાન ન્યાય મળે અને પીડિત પુરુષો ને આત્મહત્યા ના કિસ્સા રોકવા માટે થઈને " જન-જાગૃતિ અને લોકહિત " નો સંદેશો પોંહચાડવા આ કાર્યક્રમ નુ આયોજન થયું હતું.

આ કાર્યક્રમ મા જાહેર-જનતા અને મણિનગર પોલીસ તથા અમારા સ્વયંસેવકો નો જે અભૂતપૂર્વ સાથ-સહકાર મળ્યો તે બદલ અમો "સમાનતા ફાઉન્ડેશન" - ગુજરાત (પીડિત પુરુષો અને પીડિત પરિવારો માટે માનદ સેવા-કાર્ય કરતી સંસ્થા) તરફથી દરેકનો ખુબ ખુબ આભાર માનીએ છીએ.

ભારત માતા કી જય.

"સમાનતા ફાઉન્ડેશન" - ગુજરાત.

(સેવ ઇન્ડિયન ફેમિલી ના નેજા હેઠળ પીડિત પુરુષો અને પીડિત પરિવારો માટે માનદ સેવા-કાર્ય કરતી સંસ્થા)

૯.૧૦.૨૦૨૨ ના રોજ નવી દિલ્હીના ગરવી ગુજરાત ખાતે 'શરદ પૂર્ણિમા' નિમિત્તે સુરતના સમધ્વની ગ્રૂપ દ્વારા પરંપરાગત ગરબા રજૂ કરવામાં આવ્યા. માનનીય વડાપ્રધાનના અગ્ર સચિવ શ્રી પીકે મિશ્રાએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ જે.બી. પારડીવાલા, CAG શ્રી જી.સી. મુર્મુ અને TRAIના અધ્યક્ષ શ્રી પી.ડી. વાઘેલા પણ ઉપસ્થિત રહ્યા હતા.

રોજમદાર તરીકે વર્ષોથી ફરજ બજાવતા કામદાર એસ બી પટેલને કાયમી ગણી સરકાર શ્રી ના પરિપત્ર મુજબના તમામ લાભો આપવા ગુજરાત હાઈકોર્ટ નાઆદેશ

પંચમહાલ,

પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે આવેલ જિલ્લા રક્તપિત્. અધિકારીની કચેરીમાં રોજમદાર તરીકે વર્ષોથી ફરજ બજાવતા કામદાર એસ બી પટેલને કાયમી ગણી સરકાર શ્રી ના પરિપત્ર મુજબના તમામ લાભો આપવા ગુજરાત હાઈકોર્ટ નાઆદેશ ગરીબ પરિવારમાં આનંદ છવાયો.

ગુજરાત સરકારના આરોગ્ય તબીબી સેવા અને તબીબી શિક્ષણ(આરોગ્ય વિભાગ) ગાંધીનગર ના તાબા હેઠળ ની પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે આવેલ જિલ્લા રક્તપિતઅધિકારી ની કચેરીમાં રોજમદાર તરીકે તારીખ ૧૬/૯/૯૦ પટાવાળા કમ સફાઈ કામદાર તરીકે બજાવતા સરદારસિંહ ભારતસિંહ પટેલ પાસે સરકારી કચેરીના અધિકારીઓ પુરા આઠ કલાકની કામગીરી લઈ દૈનિક રૂપિયા ૧૦ પ્રમાણે પગાર ચૂકવી તેમનું ભારે શોષણ કરવામાં આવતું હતું જે બાબતે કામદારે સરકારશ્રીના નિયત કરેલ લઘુતમ વેતન મુજબ પગાર ચૂકવવાની માંગણી કરતા કચેરીના અધિકારી એ કોઈપણ જાતના વ્યાજની કારણો સિવાય પગાર વધારા અંગેની માંગણી કરવા બાબતની કિનાખોરી રાખી તેમની લાંબા સમયની નોકરી માંથી તારીખ ૧૧/૩/૯૬ ના રોજ થી ગેરકાયદેસર રીતેછુટા કરી દેતા કામદારે ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ ભોઈ દ્વારા નામદાર મજૂર અદાલત સમક્ષ પડેલા દિવસોના પૂરા પગાર સહિત મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા અંગેનો વિવાદ ઉપસ્થિત કરે છે જે કેસ ચાલી જતા નામદાર મજુર દ્વારા અરજદાર એસ બી પટેલ તરફે પેનલ એડવોકેટ એસ એ ભોઈ તથા વી આઈ ભોઈ દ્વારાસંયુક્ત દલીલો કરતા કામદારની સળંગ નોકરી ઘણી પડેલા દિવસો ૩૦% પગાર સાથે પુનઃસ્થાપિત કરવામાં આવેલ તે હુકમથી નારાજ થઈ સરકાર દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ.સી એ તથા એલપીએ દાખલ કરે જેમાં મજુર અદાલત ગોધરાનો હુકમ યથાવત રાખવામાં આવેલ ત્યારબાદ સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટ દિલ્હી સમક્ષ એસએલપી દાખલ કરેલ જે કેસ ચાલી જતા સુપ્રીમ કોર્ટે અગાઉની કોર્ટે કરેલ હુકમો ધ્યાને લઈ હુકમ મૂળ યથાવત રાખતા કામદારને રક્તપિત અધિકારી ગોધરા ખાતેની કચેરીમાં તારીખ ૧૦/૨/૧૪ અગાઉની . સળંગ નોકરીમાં પુનઃસ્થાપિત કરે ત્યારબાદ અરજદાર પાસે પુરા આઠ કલાકની કામગીરી કરાવી મહેનતાણા પેટે ફક્ત દૈનિક રૂપિયા ૧૧૦ પગાર ચૂકવી લઘુત્તમ વેતન ધારા નો ભંગ કરતા હતા

આમ અરજદારે સરકારી કચેરીના અધિકારીઓની તમામ હરકતોથી નારાજ થઈ ફેડરેશન પ્રમુખ એ એસ ભોઈ દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સરકાર શ્રીના તારીખ ૧૭/૧૦/૮૮ પરિપત્ર આધારિત લાભોની માંગણી કરતો વિવાદ ઉપસ્થિત કરે તે વિવાદ ચાલી જતા નામદાર ગુજરાત હાઈકોર્ટે કેશમાં પડેલ તમામ પુરાવા આધારિત કામદાર એસ. બી પટેલને સરકારશ્રીના જાહેર કરેલ પરિપત્ર મુજબના તમામ લાભો પગાર ચૂકવા તથા પગાર તફાવતની રકમ ચૂકવી આપવા આખરી આદેશ કરતા ગરીબ કામદારના પરિવારમાં આનંદ છવાયો છે.

ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન કાલોલ પ્રમુખ એ એસ ભોઈ પંચમહાલ

ગોપાલ ઇટાલિયાએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી માટે બોલેલા અપશબ્દો ગુજરાતીઓના દિલમાં એક તીરની જેમ ખૂંચી રહ્યા છેઃ- ગોરધનભાઈ ઝડફિયા

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે,આમ આદમી પાર્ટીના પ્રમુખ ગોપાલ ઈટાલીયા દ્વારા દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને અપશબ્દો બોલતો વિડિયો વાયરલ થયો હતો તે સંદર્ભે આજે અમદાવાદ પ્રદેશ મીડિયા સેન્ટર ખાતે ગુજરાતના પુર્વ ગૃહમંત્રી અને પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઇ ઝડફીયાજીએ પત્રકાર પરિષદને સંબોધી હતી.

આ પત્રકાર પરિષદમાં શ્રી ગોરધનભાઇ ઝડફીયાજીએ પત્રકારોને સંબોધતા જણાવ્યું કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ માટે ગુજરાત આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલીયાએ લાંછન પહોંચે તેવા હિન શબ્દો વાપર્યા છે તેને ગુજરાત તેમજ દેશના નાગરીકો વતી અમે સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ. આમ આદમી પાર્ટીની આવી હલકી માનસીકતાની ચિંતા કરી ગુજરાતના દરેક નાગરિકે સતર્કતા રાખવી જોઇએ.શ્રી ઝડફીયાજીએ વધુમાં જણાવ્યું કે, રાજનીતીમાં વિચારધારાના મતમંતાર હોઇ શકે પરંતુ રાજનીતીક મુલ્ય સાથે ક્યારેય પણ છેડ છાડ યોગ્ય નથી. ગોપાલ ઈટાલીયાએ વાપરેલી ભાષા અને શબ્દોનું સંજ્ઞાન આમ આદમી પાર્ટીના કેજરીવાલે લઇને આ શબ્દો માટે કડકમાં કડક કાર્યવાહીની ગુજરાતની પ્રજા માંગણી કરી રહી છે. હાલમાંજ કેજરીવાલના મંત્રીએ ધર્માતરણના કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને હિન્દુ દેવી દેવતાઓના અપમાનને સમર્થન આપ્યું. તેના પડઘા રૂપે તેમના મંત્રીનું રાજીનામું લઇ લેવામાં આવ્યું તો ગોપાલ ઈટાલીયાને શા માટે આમ આદમી પાર્ટી છાવરે છે તેનો જવાબ ગુજરાતની જનતા સમક્ષ કેજરીવાલે આપવો જોઇએ. શું કામ ગોપાલ ઈટાલીયાને બચાવવા દિલ્હી અને રાજયમાં પત્રકાર પરિષદને સંબોધવામાં આવે છે તેનો જવાબ ગુજરાતની પ્રજા માંગે છે.

રાષ્ટ્રસંત પરમ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી પદ્મસાગર સુરીશ્વરજી મહારાજના વરદ હસ્તે "કર્મવીર જયંતીલાલ બારોટ સ્મૃતિગ્રંથનું વિમોચન

આજ રોજ તા. ૦૯/૧૦/૨૦૨૨ રવિવારે રાષ્ટ્રસંત પરમ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી પદ્મસાગર સુરીશ્વરજી મહારાજના વરદ હસ્તે "કર્મવીર જયંતીલાલ બારોટ સ્મૃતિગ્રંથ નું વિમોચન કરવામાં આવ્યું.

કર્મવીર જયંતીલાલ બારોટ ના સ્મૃતિગ્રંથ ના વિમોચન નિમિતે રાષ્ટ્રસંત પરમ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી પદ્મસાગર સુરીશ્વરજી મહારાજ સાહેબે જયંતીલાલ બારોટ કરેલ કાર્યોની પ્રશંસા કરતા કહ્યું કે જયંતીલાલ બારોટ ની સેવા નીઃસ્વાર્થ હતી. મોટા પદ અને રાજકરણમાં રહીને પણ તેઓ ઈમાનદાર રહ્યા અને કોઈ પ્રલોભનમાં ન આવ્યા.

પોતાના જીવનના અંત સુધી તેઓ લોકોને કંઇક ને કંઇક અને ખાસ કરીને પ્રેરણા આપતા ગયા. તેમણે આશા વ્યક્ત કરીકે ભારત એકવાર ફરી વિશ્વગુરુ બનશે અને રામ રાજ્ય ફરી આવશે.

આ કાર્યક્રમમાં પ્રાસંગિક વક્તવ્ય શ્રી સંજીવ મહેતા દ્વારા આપવામાં આવ્યું જેમેણે આ સ્મૃતિગ્રંથ ની રચના નો વિચાર થી લઈને તેના અસ્તીસ્ત્વ સુધીની વાત કરી અને પોતાના સંસ્મરણો પણ વાગોળ્યા. આ ઉપરાંત પૂર્વ-DYSP શ્રી તરુણ બારોટે પણ સ્વ, જયંતીલાલ બારોટ સાથેના પોતાના અનુભવો વર્ણવ્યા.

તેમના જૂના જનસંઘ સાથીદાર તેમજ રાજકીય સાથીદાર એવા શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા (પૂર્વ શિક્ષણ મંત્રી –ગુજરાત રાજ્ય) એ સ્વ. જયંતીલાલ બારોટ સાથે રહી ને કરેલ કાર્યો અને જયંતીલાલ બારોટ સાથેના તેમના સ્મરણો તાજા કર્યા.

તેમજ આ કાર્યક્રમ માં ઉપસ્થિત તેમના સાથીદાર અને વરિષ્ઠ પ્રચારક રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ શ્રી સુરેશકુમાર જૈનએ કહ્યું કે જયંતીકાકા નું જીવન એક પુસ્તકમાં ન સમાવી શકાય તેટલું વિશાળ હતું.

તેમણે જયંતીકાકા સાથેનો પોતાનો ટ્રેન માં થયેલ પરિચય અને પહેલા જ પરિચયમાં તેમના દ્વારા મળેલ આત્મીયપૂર્ણ વ્યવહાર વિશે વાત કરી. તેઓએ ઉમેર્યું કે કાકા એ કયારેય નકારાત્મક વાત નથી કરી અને હમેશા હકારાત્મક વાત કરી છે.

આ ઉપરાંત વિશ્વ વેદાંત સમિતિના પ્રમુખ શ્રી આનંદ મહારાજે કહ્યું કે આજના નેતાઓમાં સ્વ.જયંતિલાલ બારોટની તુલનામાં આવે ઓવું દૂર દૂર સુધી કોઈ નથી અને આવા બીજા નેતાઓ થઇ જાય તો પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી નું ભારત સુપર પાવર બની શકે.

સાથે સાથે નારાયણ આશ્રમના શ્રી નારાયણ સ્વામી, પૂર્વ સાંસદ શ્રી રતિલાલ વર્મા, વિશ્વ કલ્યાણ સમિતિના પીનાકીનભાઈ જાની, ભગવાન દાસ પંચાલ, શ્રી. પ્રવીણ કે. લહેરી (પૂર્વ મુખ્ય સચિવ. ગુજરાત રાજ્ય) પણ હાજર રહ્યા.

તે દરેકે સ્વ, જયંતીલાલ બારોટ વિષે એક સ્વરમાં કહ્યું કે "જયંતિલાલ બારોટ જેવા માણસ ખૂબ ઓછા હોય છે" અને આવા માણસના જીવ કવન પર આધારિત પુસ્તક દરેકને પ્રેરણા આપશે. કાર્યક્રમ ના સમાપન વકત્યવ્ય માં જયંતીલાલ ના સુપુત્ર શ્રી તરૂણ બારોટે આમંત્રિત મહેમાનો અને શ્રોતાઓનો આંભાર માન્યો. તેઓએ ભાવુક થતાં ઉમેર્યું કે ૪૭ વર્ષના પપ્પા સાથે મારા સમયકાળમાં મને જેટલું જાણવા મળ્યું તેનાથી વધુ તો આ Smrutigranth બનવાના ૬ માસ દરમિયાન જાણવા મળ્યું.

વિરમગામ ના નલકાંઠા વિસ્તારમાં વિજયાદશમી નિમિત્તે આર. એસ. એસ. દ્વારા શસ્ત્રપૂજન ઉત્સવ ઉજવવામાં આવ્યો

વિરમગામ ના નળકાંઠા વિસ્તાર ના ખેંગારીયા ગામમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકો દ્વારા ભગવા ધ્વજ સાથે પથ સંચાલન કાઢવામાં આવ્યું. ત્યારબાદ વિજયાદશમી નિમિત્તે શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું.જેમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી ભાર્ગવ મહારાજ અને વક્તા તરીકે શ્રી દીપકભાઈ જાનીએ ઉદબોધન આપ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યાં હતાં.

મચ્છુકાંઠા વ્યાસ જ્ઞાતિ, મોરબી આયોજીત શરદોત્સવ ૨૦૨૨ ગુજરાતી ફિલ્મ નિર્માતા, નિર્દેશક, અભિનેતા, શ્રી સૂર્યકિરણ રાવત સાથે મચ્છુકાંઠા વ્યાસ જ્ઞાતિ પ્રમુખશ્રી,, મુકેશભાઈ વ્યાસ

તેમજ કારોબારી અધ્યક્ષ શ્રી રાજેશભાઇ વ્યાસ, મોરબી

પત્રકાર સર્જક શ્રી તખુભાઈ સાંડસુરનો આજે ૬૨ મો જન્મદિન

ભાવનગર

ગુજરાતમાં સર્જક પત્રકાર, શિક્ષણવિદ્ તરીકે જાણીતા શ્રી તખુભાઈ સાંડસુરનો આજે ૧૧ ઓક્ટોબરે ૬૨મો જન્મદિવસ ઉજવાઈ રહ્યોં છે.તેઓ ગુજરાતની શિક્ષણ સંસ્થા, સંગઠનો સાથે અને અનેક દૈનિક સમાચારપત્રો સાથે લેખન પત્રકારત્વથી જોડાયેલાં છે.તેઓએ ગત વર્ષે તેમનો ૬૧ મો જન્મદિન ૬૧શિક્ષકોનું સન્માન કરી ઉજવ્યો હતો.

તેઓના આગામી વર્ષે એક સાથે ચાર પુસ્તકોનું પ્રકાશન થશે. આ અગાઉ તેમના વાર્તા, પ્રસંગ, લેખ અને શિક્ષણ ક્ષેત્રના સાત પુસ્તકોનું પ્રકાશન થયેલ છે.વિવિધ પ્લેટફોર્મ પર તેમનું લેખન નોંધપાત્ર છે.

વિરમગામના ઈતિહાસમાં પ્રથમવાર શરદપુનમ નિમિત્તે હાર્દિક પટેલ આયોજિત 'રાસ ની રમઝટ' કાર્યક્રમમાં ગુજરાત ના ખ્યાતનામ ખજૂરભાઈ ઉપસ્થિત રહ્યા

વિરમગામ,

વિરમગામ ના પનોતાપુત્ર અને ભાજપના તેજસ્વી યુવા નેતા હાર્દિક પટેલ દ્વારા શરદ પૂર્ણિમાની પવિત્ર રાત્રે વિરમગામના સિદ્ધનાથ મહાદેવ મંદિરના મેદાનમાં અભૂતપૂર્વ ગરબા મહોત્સવનું સફળ આયોજન કરવામાં આવ્યું. વિરમગામ શહેરના ૬૪૦૦ થી વધુ લોકોએ ગરબામાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ભારતીય સંસ્કૃતિ મુજબ પરંપરાગત પહેરવેશ સાથે વિરમગામવાસીઓ ગરબે રમ્યા હતા. આ ઉપરાંત સંસ્કૃતિના ઈતિહાસ ને અનુરૂપ મહિષાસુર વધ નું નાટક પણ ભજવવામાં આવ્યું હતું. જેમાં વિરમગામ ના પ્રખ્યાત ડૉ. પ્રકાશભાઈ સારડાએ અદ્દલ ભગવાન શિવની વેશભૂષા માં ભાગ ભજવ્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાતના ખ્યાતનામ કલાકાર ઉમેશ બારોટ, વિજય સુંવાળા અને અલ્પા પટેલ હાજર રહ્યાં હતા. ગુજરાત પ્રસિદ્ધ હાસ્ય કલાકાર, યુટ્યુબર અને ગરીબોના ૨૨૧ મકાન પોતાના ખર્ચે બંધાવનાર ખજુરભાઈ ઉર્ફે નીતિનભાઈ જાની પણ હાજર રહ્યા હતા. શરદપુનમ ની રાત્રે રાસ ની રમઝટ કાર્યક્રમમાં વિશેષ શ્રેષ્ઠ ખેલૈયાઓ અને શ્રેષ્ઠ વેશભૂષા બદલ ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

હાર્દિક પટેલે જણાવ્યું હતું કે હવે વિરમગામ ના લોકોને આ પ્રકારના ઉત્સવો માટે વિરમગામ છોડી બીજે ક્યાંય નહીં જવું પડે એવી વ્યવસ્થા અમે આગામી સમયમાં કરવાના છીએ અને વિરમગામ ગુજરાતમાં શ્રેષ્ઠ શહેર બનાવવા સંકલ્પ કર્યો હતો.

શારદા સ્કુલ ઓફ ફાર્મસી, પેથાપુરના દ્રજીજી સેલ દ્વારા વૃક્ષારોપણનું આયોજન

વૃક્ષારોપણ એ વિશ્વમાં હરિયાળી ફેલાવવાની સૌથી સહેલી અને ઝડપી રીત છે. હાલના તબક્કે પ્રદુષણ તથા ગરમીના તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. તેથી વાતાવરણને પ્રદુષણ મુક્ત રાખવા માટે વૃક્ષો ખુબજ ઉપયોગી છે. ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સીટી દ્વારા ચાલુ વર્ષે વધુમાં વધુ વૃક્ષારોપણ થાય તે માટે અભિયાન ચલાવવામાં આવે છે તથા ગુજરાત સરકારના ક્લાઇમેટ ચેન્જ વિભાગ દ્વારા પણ અલગ અલગ અભિયાન ચલાવવા માં આવે છે. આ અભિયાન અંતર્ગત તથા પૃથ્વીને લીલોતરી બનાવવા અને વધુ વૃક્ષો નું જતન થાય એ હેતુથી શારદા સ્કુલ ઓફ ફાર્મસી, પેથાપુરના દ્રજીજી સેલ દ્વારા વૃક્ષારોપણનું આયોજન ખુબ જ ઉત્સાહ પૂર્વક તારીખ ૧૦-૧૦-૨૦૨૨ ના રોજ કરવામાં આવ્યું હતું. આ આયોજનનો મુખ્ય હેતુ વાતાવરણ ને સ્વચ્છ અને લીલુંછમ બનાવવા માટેનો હતો. આપણે જાણીયે છીએ કે વૃક્ષારોપણમાં ફાળો આપવો એ આપણી ફરજ છે. આ વૃક્ષારોપણમાં ૧૫૦ જેટલા વૃક્ષોનું વાવેતર ૫૦ જેટલા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ તથા ૧૦૦ જેટલા ફાર્મસી ના વિધ્યાર્થીઓ એ ઉત્સાહ પૂર્વક કર્યુ હતું. તેમાં ડો. દિવ્યકાંત પટેલ ,શ્રી ઘનશ્યામભાઇ પટેલ, ડો.કુંજલ વેગડ, ભુમિબેન પટેલ તથા ડો.એકતા પટેલ ના નેતૃત્વ હેઠળ આ આયોજન કરવામાં આવ્યું હતું.

રાજભવન, ઉત્તરાખંડ ખાતે આચાર્ય લોકેશજીના ૪૦મા દીક્ષા દિવસ નિમિત્તે રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કારાયું

અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક આચાર્ય ડૉ. લોકેશજીના ૪૦મા દીક્ષા દિવસ નિમિતે રાજભવન, ઉત્તરાખંડ ખાતે ?પ્રકૃતિ અને સંસ્કૃતિના જતનમાં સંતોનું યોગદાન× વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારનું ઉદ્ઘાટન ઉત્તરાખંડના રાજ્યપાલ માનનીય લે. જનરલ ગુરમીતજી એ કર્યું હતું. આ સમારોહમાં પતંજલિ યોગપીઠના સ્થાપક યોગઋષિ સ્વામી રામદેવજી, મહામંડલેશ્વર સ્વામી અવધ્વૈતાનંદજી, પરમાર્થ નિકેતનના પરમધ્યક્ષ સ્વામી ચિદાનંદ સરસ્વતીજીએ સમારોહમાં ભાગ લીધો હતોઅનેઆચાર્યડૉ. લોકેશજીને ૪૦માં દીક્ષા દિવસની શુભેચ્છા પાઠવી હતી. ઉત્તરાખંડના માનનીય રાજ્યપાલ, લેફ્ટનન્ટ. જનરલ ગુરમીત સિંહે કહ્યું કે ભારતીય સંસ્કૃતિમાં હંમેશા પ્રકૃતિની પૂજા કરવામાં આવી છે, અહીં પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, વનસ્પતિની પણ પૂજા કરવામાં આવી છે. તેમણે કહ્યું કે ભગવાન મહાવીર, ગુરુ નાનક દેવજી વગેરે જેવા તમામ મહાપુરુષોએ પ્રકૃતિ અને પર્યાવરણના રક્ષણનો સંદેશ આપ્યો હતો. આચાર્ય લોકેશજીના જીવન અને કાર્યોને લગતા પુસ્તક ?લિવિંગ વિથ પર્પઝ?ની પ્રથમ નકલનુંઅનાવરણ કરતાં રાજ્યપાલે જણાવ્યું હતું કે, આચાર્ય લોકેશજીનુંજીવનયુવાપેઢી માટેપ્રેરણાદાયી છે, તેમણે આશા વ્યક્ત કરી કે વિશ્વ શાંતિ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી રહી છે તે પ્રકૃતિ અને સંસ્કૃતિના સંરક્ષણની સાથે સાથે અહિંસા, શાંતિ અને સદભાવનાનો સંદેશ સમગ્ર વિશ્વમાં ફેલાવશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.